


ગરવી ગુજરાત

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 158
Dt.: 18-02-2026,
Wednesday
Page : 04
Rs.00.50 paisa


### ભારત-ફ્રાન્સ વચ્ચે ઐતિહાસિક સમજૂતી

# ભારત-ફ્રાન્સ બનાવશે એવરેસ્ટની ઊંચાઈ સુધી ઉડનારું હેલિકોપ્ટર

### આ દરમિયાન બંને નેતાઓએ બંને દેશોને ગતિ આપતા નિર્ણયોની જાહેરાત કરી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી

ભારતના ચાર દિવસના પ્રવાસે આવેલા ફ્રાંસના રાષ્ટ્રપ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે આજે મુંબઈના લોકભવનમાં ઐતિહાસિક મુલાકાત યોજાઈ હતી. ત્યારબાદ બંનેએ સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ દરમિયાન બંને નેતાઓએ બંને દેશોને ગતિ આપતા નિર્ણયોની જાહેરાત કરી છે.રાષ્ટ્રપ્રમુખ મેક્રોન સાથેની સંયુક્ત પ્રેસ કોન્ફરન્સમાં વડાપ્રધાને કહ્યું કે, 'ફ્રાન્સ ભારતનું સૌથી જૂનું વ્યૂહાત્મક ભાગીદારોમાંથી એક છે. આજે અમે બંને દેશોના સંબંધોને એક વિશેષ, વૈશ્વિક અને વ્યૂહાત્મક ભાગીદારી તરીકે સ્થાપિત કરી રહ્યા છીએ. આનાથી વૈશ્વિક સ્થિરતા અને પ્રગતિની ભાગીદારીમાં વધારો થશે. અમે મેક્રોન સાથે મળીને ભારત-ફ્રાન્સની વ્યૂહાત્મક ભાગીદારીને અભૂતપૂર્વ ઊર્જા આપી છે.

વડાપ્રધાન મોદીએ H-૧૨૫ હેલિકોપ્ટરની ડીલ અંગે કહ્યું કે, 'અમે ગર્વ છે કે, ભારત અને ફ્રાન્સ મળીને માઉન્ટ એવરેસ્ટની ઊંચાઈ સુધી ઊડતું વિશ્વ પહેલું હેલિકોપ્ટર બનાવશે અને પછી તેને વિશ્વભરમાં આયાત કરીશું. બંને દેશો વચ્ચે કોઈપણ સરહદ નથી. અમે થોડા દિવસો પહેલા યુરોપીય સંઘ (EU) સાથે મુક્ત વેપાર કરાર કર્યા, ત્યારે આ કરાર ભારત-ફ્રાન્સના સંબંધોમાં અભૂતપૂર્વ ગતિ લાવશે.'

તેમણે વધુમાં કહ્યું કે, 'ઈનોવેસન આઈસોલેશનથી નહીં, પરંતુ કોલેબોરેશનથી આવે છે. અમે દરેક ક્ષેત્રમાં સ્વદેશી ઉદ્યોગો અને નવીનતાને પ્રોત્સાહન આપીશું. બંને દેશોના વિદ્યાર્થીઓ અને સંશોધકો વચ્ચેના વિનિમયની પ્રક્રિયા વધુ સરળ બનાવીશું. આજે વિશ્વ અનિશ્ચિતતાના સમયમાંથી પસાર થઈ રહી છે, ત્યારે અમે આંતરરાષ્ટ્રીય સૌર જોડાણ (IMEC) દ્વારા સમૃદ્ધિમાં વધારો કરતા રહીશું.'પ્રેસ કોન્ફરન્સ દરમિયાન વડાપ્રધાન મોદીએ આતંકવાદ અને વિશ્વના જુદા જુદા ભાગોમાં ચાલી રહેલા યુદ્ધની સંભાવના તરફ ઈશારો કર્યો છે. તેમણે કહ્યું કે, 'યુક્રેન, પશ્ચિમ એશિયા તેમજ ઈન્ડો-પેસિફિક સહિત તમામ ક્ષેત્રમાં શાંતિના પ્રયાસોનું સમર્થન કરતા રહીશું. આતંકવાદના તમામ રૂપને જળથી ઉખેડી ફેંકવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. અમે ટૂંક સમયમાં ફ્રાન્સમાં સ્વામી વિવેકાનંદ કલ્ચર શરૂ કરવાની તૈયારી કરી દીધી છે. આજે અમે મળીને નવા અધ્યાયનો શુભારંભ કરી રહ્યા છીએ.'

પીએમ મોદીએ એમ પણ કહ્યું કે, 'આપણે હેલ્થમાં AI માટે ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર, ડિજિટલ સાયન્સ એન્ડ ટેકનોલોજી માટે ઈન્ડો-ફ્રેન્ચ સેન્ટર અને એરોનોટિક્સમાં કૌશલ્ય વર્ધન માટે નેશનલ સેન્ટર ઓફ એક્સેલન્સ લોન્ચ કરીશું.' વડાપ્રધાને આ પ્રોજેક્ટ્સને ભવિષ્યના નિર્માણ માટેના પ્લેટફોર્મ ગણાવ્યા હતા. વધુમાં તેમણે ઉમેર્યું કે આજે જ્યારે વિશ્વ અનિશ્ચિતતાના સમયગાળામાંથી પસાર થઈ રહ્યું છે, ત્યારે ભારત-ફ્રાન્સની આ ભાગીદારી વૈશ્વિક સ્થિરતા માટે એક મજબૂત તાકાત તરીકે ઉભરી રહી છે.

### વકીલોની ડ્રાફ્ટિંગ ગુણવત્તામાં ઘટાડો

# આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ખોટા ઉપયોગથી હવે સુપ્રીમ કોર્ટ પણ પરેશાન

### આ મુદ્દો ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચમાં ઉઠ્યો હતો જેમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ બી.વી. નાગરત્ના પણ સામેલ હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ખોટા ઉપયોગથી હવે સુપ્રીમ કોર્ટ પણ પરેશાન થઈ ગઈ છે. મંગળવારે સુપ્રીમ કોર્ટે ખુલાસો કર્યો હતો કે, વકીલો દ્વારા AI ની મદદથી તૈયાર કરવામાં આવેલી અરજીઓમાં એવા ચુકાદાઓના સંદર્ભો આપવામાં આવી રહ્યા છે, જે વાસ્તવમાં ક્યારેય લેવાયા જ નથી એટલે કે તે સંપૂર્ણપણે નકલી છે. આ મુદ્દો ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેંચમાં ઉઠ્યો હતો. જેમાં જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ બી.વી. નાગરત્ના પણ સામેલ હતા.

સીજેઆઈ સૂર્યકાંતે AI દ્વારા તૈયાર કરાયેલી અરજીઓ અને તેમાં ટાંકવામાં આવેલા નકલી ચુકાદાઓ અંગે કહ્યું હતું કે, "અમે એ વિચારીને પરેશાન છીએ કે કેટલાક વકીલોએ AI થી ડ્રાફ્ટિંગ કરવાનું શરૂ કરી દીધું છે. આ અત્યંત ગંભીર અને ખોટું છે." આ દરમિયાન જસ્ટિસ નાગરત્નાએ ઉમેર્યું હતું કે, તેમને તાજેતરમાં એક 'મર્સી વિરુદ્ધ મેનકાઈન્ડ' ચુકાદાનો સંદર્ભ મળ્યો હતો, જે વાસ્તવમાં અસ્તિત્વમાં જ નથી.

સીજેઆઈ સૂર્યકાંતે વધુમાં જણાવ્યું હતું કે આવી જ એક ઘટના જસ્ટિસ દીપાંકર દત્તાની કોર્ટમાં પણ બની હતી. તેમણે કહ્યું કે, "એક નહીં પરંતુ અનેક એવા ચુકાદાઓ ટાંકવામાં આવ્યા જે નકલી હતા." જસ્ટિસ નાગરત્નાએ અન્ય એક કેસનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે ઘણી વખત ચુકાદાનો સંદર્ભ સાચો હોય છે, પરંતુ તે ચુકાદા વિશે જે 'કોટ' આપવામાં આવ્યા હોય છે તે નકલી હોય છે. આના કારણે જજો પર કામનું ભારણ વધ્યું છે કારણ કે તેમણે દરેક સંદર્ભની સત્યતા તપાસવી પડે છે.

જસ્ટિસ બાગચીએ ચિંતા વ્યક્ત કરી હતી કે, આજકાલ લીગલ ડ્રાફ્ટિંગની કળાને મોટું નુકસાન પહોંચ્યું છે. તેમણે સ્પેશિયલ લીવ પિટિશન નો હવાલો આપતા કહ્યું કે તે જૂના ચુકાદાઓના કોટેશન્સથી ભરેલી હોય છે. તેમણે વરિષ્ઠ એડવોકેટ અશોક કુમાર સેન જેવા દિગ્ગજ વકીલોને યાદ કર્યા હતા, જેમના ડ્રાફ્ટ સચોટ, ટૂંકા અને મૌલિક હતા.નોંધનીય છે કે, તાજેતરમાં જ બોમ્બે હાઈકોર્ટે AI દ્વારા તૈયાર કરવામાં આવેલા નકલી કોટેશનના ઉપયોગ બદલ અરજદાર પર દંડ ફટકારવામાં આવ્યો હતો. ન્યાયતંત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ વધ્યો છે, પરંતુ તેની વિશ્વસનીયતા સામે હવે ગંભીર સવાલો ઉભા થઈ રહ્યા છે.

### કર્ણાટક કોર્ટે આપ્યો ચુકાદો

# રાહુલ ગાંધી સામે ભાજપનો માનહાનિ કેસ રદ

### આ વિવાદિત જાહેરાતોને રાહુલ ગાંધી એ પોતાના X એકાઉન્ટ પર શેર કરી હતી

(સંપૂર્ણ સમાચાર સેવા)કર્ણાટક

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીને મોટી રાહત આપતાં કર્ણાટક હાઈકોર્ટ એ ભારતીય જનતા પાર્ટી દ્વારા દાખલ કરવામાં આવેલ માનહાનિનો કેસ રદ કકરવામાં આવ્યો છે. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ આવેલા આ ચુકાદામાં હાઈકોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે રાહુલ ગાંધી સામે ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવી એ "કાનૂની દુરુપયોગ" સમાન હશે.

આ કેસ ૨૦૨૩માં કર્ણાટક વિધાનસભાની ચૂંટણીના પ્રચાર દરમિયાન પ્રકાશિત થયેલી જાહેરાતો સાથે જોડાયેલો છે. ભાજપના રાજ્ય એકમે આરોપ મૂક્યો હતો કે મુખ્ય પ્રવાહના અખબારોમાં છપાયેલી "ભ્રષ્ટાચાર દર કાર્ડ" શીર્ષકની જાહેરાતોમાં તત્કાલીન ભાજપ સરકાર સામે ખોટા અને પાયાવિહોણા આરોપો લગાવવામાં આવ્યા હતા.

આ જાહેરાતોમાં ભાજપ સરકારને "૪૦ ટકા સરકાર" કહીને ૨૦૧૯થી ૨૦૨૩ દરમિયાન રાજ્યમાંથી ૧.૫૦ લાખ કરોડથી વધુની લૂંટ ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો.

આ વિવાદિત જાહેરાતો કર્ણાટક પ્રદેશ કોંગ્રેસ કમિટી દ્વારા જાહેર કરવામાં આવી હતી. તે સમયે પાર્ટીના પ્રમુખ ડી, કે શિવકુમાર અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સિદ્ધારમૈયા હતા. આ જાહેરાતોને રાહુલ ગાંધી એ પોતાના X એકાઉન્ટ પર શેર કરી હતી, જેના આધારે તેમને આરોપી નંબર ૪ તરીકે કેસમાં સામેલ કરવામાં આવ્યા હતા.

જસ્ટિસ એસ સુનિલ દત્ત યાદવ એ રાહુલ ગાંધી દ્વારા દાખલ કરાયેલી અરજી મંજૂર કરતાં કહ્યું કે સરકારના વહીવટની ટીકા કરવી એ સ્વતંત્ર અભિવ્યક્તિનો ભાગ છે અને તેને આપમેળે માનહાનિ ગણાવી શકાય નહીં. કોર્ટે નોંધ્યું કે ફરિયાદમાં ઉલ્લેખિત જાહેરાતો સરકારના કાર્ય પર ટીકા છે, વ્યક્તિગત બદનક્ષી નથી.

રાહુલ ગાંધીની અરજીમાં દલીલ કરવામાં આવી હતી કે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૯ હેઠળ "સદ્ભાવનાથી કરવામાં આવેલી ટીકા" માટે છૂટ આપવામાં આવી છે.

ઉપરાંત, કોર્ટે સ્વીકાર્યું કે ભાજપ એક રાજકીય પક્ષ તરીકે રાજ્ય સરકાર વતી માનહાનિનો કેસ ચલાવવાની સત્તા ધરાવતું નથી. જો માનહાનિનો કેસ બનતો હોય તો તે માત્ર રાજ્ય સરકાર દ્વારા જ દાખલ થઈ શકે કોઈ ખાનગી રાજકીય પક્ષ દ્વારા નહીં.

જૂન ૨૦૨૩માં રાહુલ ગાંધીને બેંગલુરુની વિશેષ અદાલતમાં હાજર થવું પડ્યું હતું, કારણ કે તેઓ સમન્સનો જવાબ આપી શક્યા નહોતા. જોકે, ડિસેમ્બર ૨૦૨૪માં અદાલતે તેમને વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ આપી હતી.

ત્યારબાદ જાન્યુઆરી ૨૦૨૫માં કર્ણાટક હાઈકોર્ટે સમગ્ર કાર્યવાહી પર સ્ટે મૂક્યો હતો, જે હવે અંતિમ ચુકાદા સાથે રદ થઈ ગઈ છે.

# સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયત લથડી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

ફિલ્મ અભિનેતા સલમાન ખાનના પિતા સલીમ ખાનની તબિયત ખરાબ થતા તેઓને મુંબઈની લીલાવતી હૉસ્પિટલમાં દાખલ કરાયા છે. પિતાના હાલચાલ પૂછવા માટે સલમાન ખાન લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યા છે. લીલાવતી હૉસ્પિટલ બહાર કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.સલમાન ખાન પિતાને મળવા માટે લીલાવતી હૉસ્પિટલ પહોંચ્યા હતા. જ્યાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. હૉસ્પિટલ બહાર સલમાન ખાનના ચાહકો અને મીડિયાકર્મીઓની ભીડ જોવા મળી રહી છે. ૯૦ વર્ષિય સલીમ ખાન ખરાબ સ્વાસ્થ્યના કારણે પરેશાન હતા. જેને ધ્યાનમાં રાખીને તેને હાલ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે.

### ફોર્ટિસ અને ૧૬ શાળાઓ હાઈ એલર્ટ પર

# પંજાબના મુખ્યમંત્રીને ધમકીભર્યો ઈમેલ મળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મોહાલી

મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલ ખાતે પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન ને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકીભર્યા ઈમેલ માં કેમિકલ પોલોનિયમનો દાવો કરવામાં આવ્યો છે. ઈમેલમાં વધુમાં જણાવાયું છે કે જો CM બચી જાય તો તેઓ અગાઉ થયેલ બોમ્બ બ્લાસ્ટની ઘટનાઓની જેમ પગલાં લેશે.

અમે સવારે ૧૧ વાગ્યે મોહાલીમાં સ્કૂલ અને ફોર્ટિસ હોસ્પિટલ પર બોમ્બ ફેંકીશું. પંજાબ હવે ખાલિસ્તાન બની જશે. શાળાઓની સાથે, ભગવંત માન માટે ફોર્ટિસ હોસ્પિટલ પણ ઉડાવી દેવામાં આવશે. લોકો, તમારા બાળકોને બચાવો અને આજે મોહાલીમાં શાળાઓ બંધ રાખો.

અમે ફોર્ટિસમાંથી ભગવંત માનના મૃતદેહને દૂર કરીશું. માન પોલોનિયમથી સંક્રમિત થયા છે. જો તે બચી જશે, તો અમે બેઅંત (બોમ્બ વિસ્ફોટમાં માર્યા ગયેલા ભૂતપૂર્વ મુખ્યમંત્રી) સાથે જે રીતે કર્યું હતું તે જ કરીશું. ખાલિસ્તાન જનમતનો બદલો લેવામાં આવશે. ગુંડાઓના પોલીસ એક્કાઉન્ટરનો બદલો લેશે.

ઈમેઈલમાં નીચે ખાલિસ્તાન નેશનલ આર્મીનું નામ લખેલું છે. એન્જિનિયર ગુરનાખ સિંહ, રુકન શાહવાલા, ડૉ. ગુરમીરવીર સિંહ અને ખાન રાજદાનો પણ ઉલ્લેખ છે.

ઈ-મેલમાં કરાયેલ ઉલ્લેખ મુજબ, કેમિકલ પોલોનિયમએ ખૂબજ સક્રિય રેડિયોએક્ટિવ મેટેલોઈડ છે. જે પોલોનિયમ રાસાયણિક રીતે ટેલુરિયમ અને બિસ્મથ જેવું જ છે, અને તેનો ઉપયોગ એન્ટિસ્ટેટિક ઉપકરણો સહિત અને ન્યુટ્રોન સ્રોત તરીકે પરમાણુ ભૌતિકશાસ્ત્રમાં થાય છે.

કેમિકલ પોલોનિયમએ માનવ શરીરના અનેક અંગોને તેના ઈંજેક્ટ કરેલ માત્રા અનુસાર બોડીમાં રીએક્ટ કરે છે. થોડું પોલોનિયમ પણ માણસ માટે જનલેવા સાબિત થાય છે, જેથી DNA ભંગ, અનેક અંગોને હાનિ, જો વ્યક્તિને ધુમ્રપાન કરતો હોયતો કેન્સરના લક્ષણો પેદા કરી શકે છે.

મોહાલીની પોલીસે તાત્કાલિક પગલાં લીધા છે. ફોર્ટિસ હોસ્પિટલ ને ઘેરી લીધો છે અને પાંચ બોમ્બ સ્ક્વોડ સક્રિય છે. CMનું સ્થળ સુરક્ષિત છે અને તેમની સુરક્ષા માટે તમામ તબક્કે એલર્ટ છે. મોહાલીની SP દિલપ્રીત સિંહે જણાવ્યું કે CMને બીજી હોસ્પિટલમાં ખસેડવાનો કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. સુરક્ષા ટીમો અને પોલીસ સતત સક્રિય છે.

ફોર્ટિસસિવાય મોહાલીની ૧૬ શાળાઓને પણ બોમ્બથી ખતરાનું સંદેશો મળ્યો છે. શાળાઓને તાત્કાલિક રજા આપવામાં આવી છે. વાલીઓ અને વિદ્યાર્થીઓને સલામત રહેવા માટે સૂચનાઓ આપવામાં આવી છે.

"અમે સવારે ૧૧ વાગ્યે મોહાલીની શાળાઓ અને ફોર્ટિસ હોસ્પિટલ ને બોમ્બથી ઉડાવી દઈશું. પંજાબ હવે ખાલિસ્તાન બનશે. શાળાઓની સાથે, ઝસ માટે ફોર્ટિસ પણ ઉડાવી દેવાશે. લોકોએ પોતાના બાળકોને બચાવવા જોઈએ."

ઈમેલમાં ખાલિસ્તાન નેશનલ આર્મીનો ઉલ્લેખ છે, અને કેટલાક નામો પણ આપવામાં આવ્યા છે જેમ કે એન્જિનિયર ગુરનાખ સિંહ, રૂકન શાહવાલા, ડૉ. ગુરમીરવીર સિંહ અને ખાન રાજદાનો.

આ ઘટનાના દિવસમાં, CBSE ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ધોરણ ૧૦નું ગણિત પેપર સવારે ૧૦:૩૦ વાગ્યે શરૂ થયું. શાળા સંચાલકો અને વાલીઓ ભય અને સુરક્ષાની સ્થિતિને ધ્યાનમાં લઈને ખૂબ જ સાવચેત રહ્યા.

તમામ શાળાઓ, હોસ્પિટલ અને જાહેર સ્થળો પર સુરક્ષા વધારવામાં આવી છે. વાલીઓ પોતાના બાળકોને સુરક્ષિત રાખે. વિદ્યાર્થીઓ CBSE પરીક્ષા માટે નિયમિત સમયસર પહોંચે, પરંતુ સુરક્ષા નિયંત્રણોનું પાલન કરે.

# કિશોર સુધાર ગૃહમાંથી ૨ પાકિસ્તાની નાગરિકો ભાગ્યા: જમ્મુ કાશ્મીરમાં હાઈ એલર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

જમ્મુ કાશ્મીરના આર.એસ. પૂરામાં આવેલા કિશોર સુધાર ગૃહમાંથી બે પાકિસ્તાની નાગરિક અને એક સ્થાનિક યુવક સુરક્ષા ઘેરાવ તોડીને ભાગી ગયા છે. ભાગતા પહેલા આ કેદીઓએ ડ્યૂટી પર તૈનાત પોલીસકર્મીઓ પર હુમલો કર્યો અને તેમને ગંભીર રીતે ઘાયલ કરી ભાગી ગયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના સોમવાર સાંજના લગભગ ૫.૩૦ વાગ્યે થઈ છે. જાણકારી અનુસાર, સુધાર ગૃહમાં બંધ ત્રણ કેદીઓએ સુરક્ષામાં તૈનાત પોલીસકર્મીઓ પર અચાનક હુમલો કરી દીધો. આ હુમલામાં બે પોલીસકર્મી ઘાયલ થયા હતા. જેમની ઓળખ SP વિનય કુમાર અને હેડ કોન્સ્ટેબલ પ્રવીણ કુમાર તરીકે થઈ છે. પોલીસકર્મીઓને ઘાયલ કર્યા બાદ ત્રણેય આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગવામાં સફળ રહ્યા હતા. પાકિસ્તાની નાગરિકો ફરાર થવાના સમાચાર મળતા જ જમ્મુ પોલીસ અને સુરક્ષા એજન્સીઓના કાન ખડા થઈ ગયા છે. જમ્મુ અને આજુબાજુના સરહદી જિલ્લામાં હાઈ એલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે. પોલીસે ઠેર ઠેર નાકાબંધી કરી દીધી છે અને વાહનોની સઘન તલાશી થઈ રહી છે. વિશેષ ટીમ બનાવી સંભવિત ઠેકાણા પર દરોડા પાડવામાં આવી રહ્યા છે, જેથી સરહદ પર ભાગતા પહેલા તેમને પકડી શકાય.




# તંત્રી લેખ......

## ન્યાયતંત્રમાં એઆઈ પર ચર્ચા, ન્યાયતંત્રને મજબૂત બનાવવું

ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ન્યાયતંત્રમાં એઆઈ ના ઉપયોગ પર ચર્ચા કરવામાં આવી હતી, જેનો હેતુ ભારતની ન્યાયતંત્રને મજબૂત બનાવવાનો છે. AI કાગળકામ ઘટાડી શકે છે અને મશીન લર્નિંગ દ્વારા સંશોધન અને વિશ્લેષણમાં મદદ કરી શકે છે, પરંતુ નિર્ણયો માનવ વિવેકબુદ્ધિ પર આધારિત હશે. ઈ-કોર્ટ્સ પ્રોજેક્ટ હેઠળ, એઆઈ ટૂલ્સ અનુવાદ અને ફાઈલ વિશ્લેષણમાં મદદરૂપ થાય છે. કેસોના બેકલોગને ઘટાડવા માટે અસરકારક ઉપયોગ માટે ન્યાયિક સુધારા પણ જરૂરી છે.

ભારત એઆઈ ઈમ્પેક્ટ સમિટમાં ન્યાયતંત્રમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના ઉપયોગ પર એક સત્રનું આયોજન કરવામાં આવ્યું તે યોગ્ય અને સમયસર છે. તેમાં ચર્ચા કરવામાં આવી હતી કે મશીન લર્નિંગ ભારતની ન્યાયતંત્રને કેવી રીતે મજબૂત બનાવી શકે છે. આ કાર્યક્રમમાં કાયદાકીય પેઢીઓના કાનૂની નિષ્ણાતો, ન્યાયશાસ્ત્રીઓ સહિત, હાજરી આપી હતી, તેથી આશા છે કે ભવિષ્યમાં ન્યાયતંત્રમાં એઆઈનો ઉપયોગ વધશે અને સામાન્ય જનતાને ફાયદો થશે. જ્યારે જીવનના દરેક ક્ષેત્રમાં એઆઈનો ઉપયોગ થઈ રહ્યો છે, ત્યારે ન્યાયતંત્રમાં પણ આવું જ હોવું જોઈએ. જ્યારે એઆઈનો ઉપયોગ મર્યાદિત સ્તરે ન્યાયતંત્રમાં થઈ રહ્યો છે, ત્યારે તે ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરી રહ્યું છે કે કેમ તેનું મૂલ્યાંકન કરવાનું બાકી છે. હાલમાં, ઈ-કોર્ટ્સ પ્રોજેક્ટ હેઠળ, ન્યાયતંત્રમાં વિવિધ એઆઈ-આધારિત સાધનોનો ઉપયોગ થઈ રહ્યો છે.

ઉદાહરણ તરીકે, મશીન લર્નિંગ ટૂલ કોર્ટના ચુકાદાઓને અંગ્રેજીથી પ્રાદેશિક ભાષાઓમાં અનુવાદિત કરે છે. હજારો ચુકાદાઓનું વિવિધ ભાષાઓમાં ભાષાંતર કરવામાં આવ્યું છે. બીજું સાધન ફાઈલોનું વિશ્લેષણ કરવામાં અને સંબંધિત કાયદાઓ અને દાખલાઓ શોધવામાં મદદ કરે છે. તેવી જ રીતે, કેટલીક ઉચ્ચ અદાલતો એવા સાધનોનો ઉપયોગ કરી રહી છે જે સાક્ષીઓના નિવેદનોને સીધા ડિજિટલ ટેક્સ્ટમાં રૂપાંતરિત કરે છે. ન્યાયતંત્રમાં એઆઈનો ઉપયોગ લોકોને સમયસર ન્યાય મળવાની શક્યતાઓ વધારશે. નિઃશંકપણે, એઆઈનો ઉપયોગ ચુકાદા આપવા માટે થઈ શકતો નથી, અને ન પણ થવો જોઈએ. તે માનવ ચુકાદાને બદલી શકતું નથી, પરંતુ તેનો ઉપયોગ કાગળકામના ભારણને ઘટાડવા માટે ચોક્કસપણે થઈ શકે છે.એઆઈ દ્વારા સંશોધન, વિશ્લેષણ અને ડેટા સંગ્રહ પણ કરી શકાય છે. આ બધાની સાથે, એ સમજવું જોઈએ કે ન્યાયતંત્રમાં એઆઈનો ઉપયોગ ફક્ત ત્યારે જ અસરકારક રહેશે જો જરૂરી ન્યાયિક સુધારાઓ પણ લાગુ કરવામાં આવે.

મુલતવી રાખવાના ચક્રનો અંત લાવવો જરૂરી છે. તેવી જ રીતે, જાહેર હિતની દાવાઓના નામે થતી વ્યર્થ અરજીઓને રોકવા પણ જરૂરી છે. એ વાતને અવગણવી ન જોઈએ કે જ્યારે દરેક ક્ષેત્રમાં સુધારા થઈ રહ્યા છે, ત્યારે મૂળભૂત ન્યાયિક સુધારાઓ જે જરૂરી છે તે પ્રગતિ કરી રહ્યા નથી. પરિણામે, જિલ્લા અદાલતોથી લઈને સુપ્રીમ કોર્ટ સુધી કેસોનો બેકલોગ વધી રહ્યો છે. કરોડો પેન્ડિંગ કેસો લાખો લોકોને નિરાશ જ નથી કરતા પણ દેશની પ્રગતિમાં પણ અવરોધ ઉભો કરે છે.

### 'સ્વસ્થ ધરા, ખેત હરા': ગુજરાતના ૨.૧૯ કરોડ ખેડૂતોને મળ્યા સોઈલ હેલ્થ કાર્ડ

# ગુજરાત રાજ્યમાં ૧૯ સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી તેમજ ગ્રામ્ય સ્તરે ૨૬ ખાનગી સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી કાર્યરત

ગુજરાતના સર્વાંગી વિકાસમાં કૃષિ વિકાસ એક મહત્વપૂર્ણ પાયો છે. રાજ્યનો સર્વાંગી કૃષિ વિકાસ ગુજરાત સરકારની પ્રાથમિકતા રહી છે. જો ખેતીયોગ્ય જમીનની યોગ્ય રીતે જાળવણી ન થાય, તો તે ઉજ્જડ બનતી જાય છે. જમીન ઉજ્જડ થવાના અનેક કારણો હોઈ શકે છે, જેમ કે પ્રદૂષણ, જમીનમાં વધતી ખારાશ અને રસાયણિક ખાતર તથા દવાઓનો અતિશય ઉપયોગ. ગુજરાતના અનેક વિસ્તારોમાં પણ આ સમસ્યા ઉદભવી રહી હતી. આ સમસ્યાના સમાધાન માટે એક નવતર અભિગમના ભાગરૂપે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩-૦૪માં 'સોઈલ હેલ્થ કાર્ડ યોજના' અમલમાં મૂકી હતી. જમીન તંદુરસ્તીની અગત્યતાને પારખીને આ પ્રકારની અનોખી યોજના અમલમાં મૂકવા વાળું ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય બન્યું હતું. પ્રધાનમંત્રીશ્રીની દૂરંદેશી પહેલને આગળ ધપાવી અને વિકસિત ભારતના વિઝનને વિકસિત ગુજરાત દ્વારા સાકાર કરવાની દિશામાં સદૈવ અગ્રેસર રહેલુ ગુજરાત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દૃઢ નેતૃત્વ હેઠળ કૃષિ ક્ષેત્રે સતત પ્રગતિ કરી રહ્યું છે. ખેડૂતોની આવક વધારીને તેમને સશક્ત બનાવવા માટે તેમજ કૃષિ પાકોની ઉત્પાદકતા વધારવા માટે રાજ્ય સરકારે અનેક ખેડૂતલક્ષી યોજનાઓ અમલી બનાવી છે. 'સ્વસ્થ ધરા, ખેત હરા'ના મંત્ર સાથે લાગૂ કરવામાં આવેલી સોઈલ હેલ્થ કાર્ડ (SHC) યોજના હેઠળ આજ સુધીમાં ગુજરાતના ૨.૧૯ કરોડ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ જારી કરવામાં આવ્યા છે.



● શું છે સોઈલ હેલ્થ કાર્ડ ?

સોઈલ હેલ્થ કાર્ડ યોજના હેઠળ, ખેતીલાયક જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે નિર્ધારિત પદ્ધતિ અનુસાર ખેડૂતોના ખેતરમાંથી જમીનના નમૂનાઓ લેવામાં આવે છે અને પૃથ્થકરણ માટે તેમને જમીન ચકાસણી પ્રયોગશાળામાં મોકલવામાં આવે છે. ત્યાં, નમૂનાનું પૃથ્થકરણ કરીને, સોફ્ટવેર આધારિત સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવામાં આવે છે. સોઈલ હેલ્થ કાર્ડમાં જમીનમાં રહેલા વિવિધ પોષક તત્ત્વોની માત્રા દર્શાવે છે, જેમાં હાલ કુલ ૧૨ તત્વો (N, P, K, pH, EC, Fe, Cu, Zn, OC, S, B, Mn) નું પ્રમાણ દર્શાવવામાં આવે છે. જેને આધારે ખેડૂતોને ક્યાં પ્રકારના ખાતર અને કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો, તેની વૈજ્ઞાનિક ભલામણ સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે મળી શકે છે. આ પ્રક્રિયાથી બિનજરૂરી કેમિકલયુક્ત ખાતરોના અતિશય ઉપયોગ ઘટે છે, જમીનની ફળદ્રુપતા જાળવી રાખવામાં સહાય મળે છે.

● ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાનું વ્યાપક અમલીકરણ

ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ વર્ષ ૨૦૦૩-૦૪માં લોન્ચ થયેલી આ યોજનાનો ઉદ્દેશ ખેડૂતોને તેમની જમીનની સ્થિતિ અંગે વ્યાપક માહિતી પૂરી પાડીને તેમને સશક્ત કરવાનો હતો. યોજના લાગુ કર્યા પછી, SHC યોજનાનો પ્રથમ તબક્કો ૨૦૦૩-૦૪થી ૨૦૧૦-૧૧ દરમિયાન અને બીજો તબક્કો ૨૦૧૧-૧૨થી ૨૦૧૫-૧૬ દરમિયાન પૂર્ણ કરવામાં આવ્યો હતો. પ્રથમ તબક્કામાં ગુજરાતના ૪૩.૦૩ લાખથી વધુ ખેડૂતોને અને દ્વિતીય તબક્કામાં આશરે ૪૬.૯૨ લાખથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ વિનામૂલ્યે આપવામાં કરવામાં આવ્યા. ગુજરાતમાં મળેલી સફળતા બાદ વર્ષ ૨૦૧૫-૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં "સોઈલ હેલ્થ કાર્ડ યોજના" અમલમાં મૂકી હતી. જે અંતર્ગત તૃતીય તબક્કામાં વર્ષ ૨૦૧૬-૧૭થી અત્યાર સુધીમાં ભારત સરકારની યોજના હેઠળ રાજ્યના ૧.૨૫ કરોડથી વધુ ખેડૂતોને સોઈલ હેલ્થ કાર્ડ આપવામાં આવ્યા છે. છેલ્લા એક દાયકામાં આ યોજનાને કારણે ખેડૂતો તેમની જમીનમાં રહેલી મુખ્ય ખામીઓથી વાકેફ થયા છે અને સાથે જ સૂક્ષ્મ પોષકતત્વો ધરાવતા ખાતરોનો ઉપયોગ પણ વધાર્યો છે. અરવલ્લી જિલ્લાના ધનસુરા શહેરમાં રહેતા બાબુભાઈ વસરામભાઈ પટેલ નામના ખેડૂતે જણાવ્યું કે SHC યોજના હેઠળ તેમને માત્ર જરૂરી ખાતરોનો મર્યાદિત માત્રામાં ઉપયોગ કરવાની ભલામણ કરવામાં આવી હતી, જેને અનુસરવાને પરિણામે તેમને ખાતરનો ખર્ચ ઘટાડવામાં મદદ મળી હતી. આ પહેલથી તેમને પાકની વધુ સારી ઉપજ મળી અને ઈનપુટ ખર્ચમાં પણ ઘટાડો થયો.

● સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકાર પ્રયત્નશીલ

વર્ષ ૨૦૨૪-૨૫માં SHC પોર્ટલ ના આધારે ૬,૨૩,૮૪૪ માટીના નમૂનાઓ ઓનલાઈન એકત્રિત કરવામાં આવ્યા હતા અને ૬,૨૩,૨૯૫ નમૂનાઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૫-૨૬ માં SHC યોજના હેઠળ ગુજરાત માટે ભારત સરકારનો લક્ષ્યાંક ૬,૨૫,૫૧૩ નમૂનાઓનું પરીક્ષણ કરવાનો છે. ગુજરાત સરકાર પણ આ લક્ષ્યાંકને સમયસર હાંસલ કરવા માટે પ્રતિબદ્ધ છે, કારણકે સુધીમાં ૬,૧૩,૩૫૫ નમૂનાઓ રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરી લેવામાં આવ્યા છે, જે પૈકી ૪,૮૬,૧૪૨ જેટલા નમુનાઓનું પૃથ્થકરણ પૂર્ણ થઈ ગયેલ છે. બાકીના નમૂનાઓની પરીક્ષણની કામગીરી પ્રગતિમાં છે. આ લક્ષ્યાંકોને પહોંચી વળવા તેમજ સમયસર પૃથ્થકરણ કરીને સોઈલ હેલ્થ કાર્ડનું સમયસર વિતરણ સુનિશ્ચિત કરવા માટે સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરીની ક્ષમતા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા માટે સરકારના પ્રયાસો ચાલુ છે. જમીનના નમૂનાના પૃથ્થકરણ માટે અત્યારે ગુજરાતમાં કુલ ૧૯ જમીન ચકાસણી પ્રયોગશાળા તેમજ ૦૧ એક સૂક્ષ્મ તત્વ ચકાસણી પ્રયોગશાળા કૃષિ વિભાગ હેઠળ કાર્યરત છે. દરેક લેબોરેટરીની વાર્ષિક ૧૦,૦૦૦-૧૧,૦૦૦ નમૂનાઓનું પરીક્ષણ કરવાની ક્ષમતા છે. આ ક્ષમતા વધારવા માટે સરકારી સહાયથી ૨૬ ખાનગી સોઈલ ટેસ્ટિંગ લેબોરેટરી એટલે કે ગ્રામ્ય સ્તરની લેબોરેટરી પણ સ્થાપિત કરવામાં આવી છે. દરેક ખાનગી લેબોરેટરી પણ વાર્ષિક ૩,૦૦૦ જેટલા માટીના નમૂનાઓનું પરીક્ષણ કરવા માટે સજ્જ છે. સોઈલ હેલ્થ કાર્ડ યોજના ખેડૂતોને તેમની જમીનને અસરકારક રીતે સમજવા અને તેમાં સુધારો કરવામાં, જમીનની ફળદ્રુપતા જાળવવા, ઉત્પાદકતા વધારવા અને તેમની જમીનને અનુરૂપ પાક ઉગાડવામાં મદદ કરે છે. આ ઉપરાંત, તે ઈનપુટ ખર્ચ ઘટાડે છે, આર્થિક વળતરમાં વધારો કરે છે અને ખેતી પ્રત્યે વૈજ્ઞાનિક અભિગમને પ્રોત્સાહન આપે છે.

## NCP ના મર્જરની ચર્ચા વચ્ચે સુનેત્રા પવારનો રાજકીય દબદબો વધ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળ્યા બાદ હવે સુનેત્રા પવાર પક્ષના સંગઠનમાં પણ મોટી ભૂમિકા નિભાવતા જોવા મળવાના છે. મુંબઈમાં સોમવારે મળેલી NCPના વરિષ્ઠ નેતાઓ અને ધારાસભ્યોની બેઠકમાં સુનેત્રા પવારને પક્ષના નવા રાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવા માટે સર્વસંમતિ સધાઈ છે. આ સાથે જ તેઓ સ્વ. અજિત પવારના રાજકીય વારસાને આગળ ધપાવવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે.

પાર્ટીના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ પ્રફુલ પટેલે સુનેત્રા પવારના નામનો પ્રસ્તાવ મૂક્યો હતો,

જેને તમામ ધારાસભ્યોએ હાથ ઉઠાવીને સમર્થન આપ્યું છે. આ નિર્ણય પર આગામી ૨૬ ફેબ્રુઆરીએ મુંબઈમાં યોજાનારી રાષ્ટ્રીય કાર્યકારિણીની બેઠકમાં સત્તાવાર રીતે અંતિમ મહોર મારવામાં આવછેલ્લા કેટલાક સમયથી શરદ પવાર અને અજિત પવારની પાર્ટીની મર્જર અંગેની ચર્ચાઓ ચાલી હતી. જોકે, સુનેત્રા પવારની અધ્યક્ષતામાં મળેલી આ બેઠકમાં મર્જરના મુદ્દે કોઈ જ ચર્ચા કરવામાં આવી નથી. આ વિષય પર હાલ પૂરતો નિર્ણય ટાળી દેવામાં આવ્યો છે અને પક્ષના ધારાસભ્યોને મીડિયામાં મર્જર અંગે કોઈ પણ નિવેદન ન આપવા માટે કડક સૂચના આપવામાં આવી છે.બેઠક દરમિયાન સુનેત્રા પવારે જણાવ્યું કે, તેમણે પક્ષને એકજૂથ રાખવા અને સ્થિતિ મજબૂત કરવા માટે આ નવી જવાબદારી સ્વીકારી છે. પ્રફુલ પટેલ, સુનિલ તટકરે અને છગન ભુજબળ જેવા વરિષ્ઠ નેતાઓએ પણ સુનેત્રા પવારના નેતૃત્વમાં પક્ષના વિસ્તારની આશા વ્યક્ત કરી છે. ધારાસભ્યોએ પણ તેમને સંગઠન મજબૂત કરવામાં સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી છે.

## બોર્ડ પરીક્ષાઓમાં વહીવટી તંત્રના કડક નિયમો વિદ્યાર્થીઓ પર ભારે પડી રહ્યા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર

બિહારમાં ચાલી રહેલી બોર્ડ પરીક્ષાઓમાં વહીવટી તંત્રના કડક નિયમો વિદ્યાર્થીઓ પર ભારે પડી રહ્યા છે. એક વિદ્યાર્થિની માત્ર થોડી મિનિટ મોડી પહોંચી તો તેની આખા વર્ષની મહેનત પાણીમાં જતી રહી. પરીક્ષા કેન્દ્રો પર ગેટ બંધ થયા બાદ કોઈને પ્રવેશ ન આપવાનો નિયમ તેમના પર ભારે પડ્યો, જેના કારણે અનેક વિદ્યાર્થીઓને પરીક્ષા આપ્યા વગર જ પરત ફરવું પડ્યું. આ ઘટનાઓએ પરીક્ષા કેન્દ્રોની બહાર ભાવુક અને તણાવપૂર્ણ વાતાવરણ સર્જ્યું છે.શહેરના સેન્ટ ટેરેસા સ્કૂલ પરીક્ષા કેન્દ્ર પર એક વિદ્યાર્થિની નિર્ધારિત સમયથી માત્ર થોડી જ મિનિટ મોડી પહોંચી હતી. ગેટ બંધ થઈ ગયા બાદ તેને અંદર જવા દેવામાં આવી નહીં. હતાશા અને નિરાશાના કારણે તેણે સ્કૂલની દીવાલ કૂદીને અંદર પ્રવેશવાનો પ્રયાસ કર્યો, પરંતુ ત્યાં હાજર સુરક્ષા કર્મચારીઓ અને અધિકારીઓએ તેને તરત જ રોકી લીધી. આ દૃશ્ય જોઈને ત્યાં હાજર વાલીઓમાં ગુસ્સો ફાટી નીકળ્યો અને તેઓએ કેટલીક ક્ષણો માટે હંગામો પણ કર્યો. વાલીઓએ વિનંતી કરી કે બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને થોડી મિનિટોની છૂટછાટ આપવી જોઈએ, પરંતુ નિયમોની આગળ કોઈ વિનંતી સ્વીકારાઈ નહીં. આવી જ કરુણ ઘટના ઉર્દૂ આમના હાઈસ્કૂલ પરીક્ષા કેન્દ્રની બહાર પણ જોવા મળી. અહીં બે વિદ્યાર્થિનીઓ પરીક્ષા શરૂ થતાં પહેલાં જ પહોંચી ગઈ હતી, પરંતુ ગેટ તો પહેલેથી જ બંધ કરી દેવામાં આવ્યા હતા. વહીવટી તંત્રની કડક માર્ગદર્શિકા અનુસાર તેમને અંદર જવાની પરવાનગી મળી નહીં. પરીક્ષા કેન્દ્રની બહાર આ વિદ્યાર્થિનીઓ પોક મૂકીને રડતી જોવા મળી. 'એક મિનિટ'ના વિલંબે તેમનું ભવિષ્ય બગાડ્યું અને તેઓને પરીક્ષા આપ્યા વગર જ રડતી આંખે ઘરે પરત ફરવું પડ્યું. આ દૃશ્યોએ ત્યાં હાજર લોકોને ભાવુક કરી દીધા હતા. જિલ્લા વહીવટી તંત્ર પરીક્ષામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ અટકાવવા માટે સખત પગલાં લઈ રહ્યું છે. અધિકારીઓને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે ગેટ બંધ થયા બાદ કોઈ પણ સ્થિતિમાં વિદ્યાર્થીને પ્રવેશ આપવો નહીં.

### બેંગલુરુના ગિદ્દનહલ્લી વિસ્તારની ઘટના

## માતા મેટરનિટી ફોટોશૂટમાં વ્યસ્ત, ૩ વર્ષનો પુત્ર પૂલમાં ડૂબી ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કર્ણાટક

કર્ણાટકના પાટનગર બેંગલુરુમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં માતાના મેટરનિટી ફોટોશૂટ દરમિયાન ત્રણ વર્ષના નાનકડા પુત્રનું વોટર પૂલમાં ડૂબી જવાથી મોત નીપજ્યું છે. મૃતક બાળકનું નામ લક્ષ્મી હતું, જે ચરણ અને સ્વાતિનો પુત્ર હતો. સ્વાતિ હાલ ૮ મહિનાની ગર્ભવતી છે અને તે તેના બીજા બાળકના આગમનની તૈયારીના ભાગરૂપે ફોટોશૂટ કરાવી રહી હતી.આ કરૂણ ઘટના શનિવારે બેંગલુરુના ગિદ્દનહલ્લી વિસ્તારમાં આવેલા એક ખાનગી સ્ટુડિયોમાં બની હતી. અહીં ફોટોશૂટના ડેકોરેશન માટે એક નાનો આર્ટિફિશિયલ વોટર પૂલ બનાવવામાં આવ્યો હતો. બાળક તેની માતા સાથે સ્ટુડિયોમાં આવ્યું હતું અને રમતા-રમતા અચાનક આ પૂલમાં લપસી પડ્યું હતું. દુર્ઘટના સમયે માતા ફોટોશૂટમાં વ્યસ્ત હતી અને ત્યાં હાજર અન્ય લોકોનું પણ બાળક તરફ તાત્કાલિક ધ્યાન ન ગયું. જ્યારે બાળકને બહાર કાઢવામાં આવ્યો ત્યારે તે બેભાન થઈ ગયો હતો. તેને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, બાળકના પિતા ચરણ તે સમયે કામ અર્થે વિદેશમાં હતા અને ઘટનાની જાણ થતાં જ તેઓ ભારત આવવા રવાના થયા છે. આ અકસ્માત પાછળ પ્રાથમિક દૃષ્ટિએ બેદરકારી કારણભૂત મનાય છે.સ્ટુડિયોમાં પૂલ બનાવતી વખતે સુરક્ષાના પૂરતા નિયમોનું પાલન થયું હતું કે નહીં તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. આ દર્દનાક ઘટનાએ એક હસતા-રમતા પરિવારની ખુશીઓને માતમમાં ફેરવી દીધી છે. એક તરફ પરિવાર નવા બાળકના સ્વાગતની તૈયારીમાં હતો, ત્યાં જ મોટા પુત્રના અકાળ મોતે સૌને હચમચાવી દીધા છે. આ ઘટના સ્ટુડિયો માલિકો અને વાલીઓ માટે બાળકોની સુરક્ષાને લઈને એક મોટો પાઠ છે, જે યાદ અપાવે છે કે પાણી જેવી જોખમી જગ્યાઓ પાસે બાળકો પ્રત્યે સહેજ પણ બેદરકારી કેટલી ઘાતક સાબિત થઈ શકે છે.

### ઐતિહાસિક વારસો ધરાવતું વડનગર બન્યું સંતુલિત વિકાસનું આદર્શ મૉડલ

# વડનગરનો ૨૫૦૦ વર્ષ જૂનો ગૌરવશાળી ઈતિહાસ દર્શાવે છે આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ બન્યું વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર








વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના વિઝનને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકાર, રાજ્યમાં ઐતિહાસિક વારસાના સંરક્ષણ સાથે માળખાગત વિકાસનું સંતુલિત મૉડલ ઊભું કરી રહી છે. તેનું ઉત્તમ ઉદાહરણ છે ઐતિહાસિક શહેર વડનગર. લગભગ ૨,૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ ધરાવતું વડનગર પુરાતત્વ, સંસ્કૃતિ અને ઈતિહાસનું જીવંત દ્રષ્ટાંત બન્યું છે. પુરાતત્વ અનુભવાત્મક સંગ્રહાલયનું નિર્માણ હોય કે નિર્માણાધીન દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌ-શાળા, કે પછી ઐતિહાસિક સ્થળોનું પુનઃસ્થાપન કાર્ય, ગુજરાત સરકારના સતત પ્રયાસોના કારણે વડનગર આજે એક ટકાઉ શહેરી મૉડલ તરીકે વિકસી રહ્યું છે.

આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમ, પ્રેરણા સંકુલ અને આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ

વડનગરના ૨૫૦૦ વર્ષ જૂના ગૌરવશાળી ઈતિહાસને સંરક્ષિત કરવા માટે આર્કિયોલોજિકલ એક્સ્પિરેન્શિયલ મ્યુઝિયમનું ગત વર્ષે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. રૂ.૩૦૦ કરોડના ખર્ચે બનેલ આ સંગ્રહાલય ભારતનું એકમાત્ર સંગ્રહાલય છે જે નવા ખોદકામમાંથી મળેલી વસ્તુઓ પ્રદર્શિત કરે છે. મ્યુઝિયમમાં ૫ હજારથી વધુ કલાકૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી છે અને વિવિધ સમયગાળાની કલાઓ, શિલ્પો, વિવિધ ભાષાને પ્રદર્શિત કરતી ૯ થીમેટિક ગેલેરી પણ બનાવવામાં આવી છે.

તો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની શૈક્ષણિક યાત્રા જ્યાંથી શરૂ થઈ હતી, તે પ્રેરણા સ્કૂલ (સંકુલ)ને ભવિષ્યની આધુનિક શૈક્ષણિક સંસ્થા તરીકે વિકસિત કરવામાં આવી છે, જેમાં નવી ટેક્નોલૉજી દ્વારા શિક્ષણ અને નૈતિક મૂલ્યોનો અનોખો સંગમ છે. તે વિશ્વનું પ્રથમ અનુભવાત્મક જ્ઞાન-આધારિત શિક્ષણ કેન્દ્ર છે. આ ઉપરાંત, વડનગરમાં અત્યાધુનિક સુવિધાઓ ધરાવતા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે, જેમાં હોસ્ટેલમાં કૉચ ઑફિસ, રેક્ટર ક્વાર્ટર, આધુનિક રસોડું, ડાઈનિંગ રૂમ, રિક્રિએશન રૂમ સહિતની સુવિધાઓ તેમજ સોલાર સિસ્ટમ અને સીસીટીવી કેમેરા જેવી આધુનિક સુવિધાઓનો સમાવેશ થાય છે.

વિશ્વકક્ષાનું હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે વડનગર

વડનગરમાં કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, વડનગરના પ્રાચીન દરવાજા અને કિલ્લેબંધીના અવશેષો, હાટકેશ્વર મહાદેવ મંદિર અને આસપાસનો વિસ્તાર, બૌદ્ધ મઠના પુરાતત્વીય અવશેષો તેમજ તાના—રીરી સ્મારક વગેરે સ્થળોના રીસ્ટોરેશનથી શહેરનો સમૃદ્ધ વારસો જીવંત બન્યો છે. ઐતિહાસિક વારસાના સંરક્ષણ સાથે શહેરના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવાના ગુજરાત સરકારના અભિગમના પરિણામે, વડનગર આજે વિશ્વકક્ષાનું હેરિટેજ-ટુરિઝમ ડેસ્ટિનેશન બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે, વડનગરને યુનેસ્કોની વર્લ્ડ હેરિટેજ યાદીમાં સામેલ કરવા માટેનો પ્રસ્તાવ પણ સક્રિય છે, જે અંતર્ગત નોમિનેશન ડૉસિયર અને સાઈટ મેનેજમેન્ટ પ્લાન તૈયાર કરવામાં આવ્યા છે.

આવનારા સમયમાં આ વિકાસ કાર્યોથી વડનગરની થશે કાયાપલટ

ભવ્ય વૃંદાવન ગૌ-શાળા: લગભગ ૧૫ કરોડના ખર્ચે દેશની પ્રથમ ભવ્ય વૃંદાવન ગૌ-શાળાનું નિર્માણ કરવામાં આવશે. ગૌ-શાળાને 'રૂરલ ઈનોવેશન હબ' તરીકે વિકસિત કરવામાં આવશે અને તે ગાયોના સંરક્ષણ માટે ગ્રામીણ ગૌ-શાળા વિકાસનું આદર્શ મૉડલ બનશે.

તળાવો અને જળાશયોનું આંતરિક જોડાણ: વડનગરમાં ૪૦ થી વધુ તળાવો પરસ્પર જોડીને વરસાદી પાણીના સંગ્રહ અને નિકાલની વ્યવસ્થા કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ તળાવોને ઊંડા તેમજ સુવ્યવસ્થિત કરીને સૌંદર્ય વધારવામાં આવશે. આ ઉપરાંત, કુદરતી ગ્રેવિટી ફ્લો સિસ્ટમ અમલમાં મૂકવામાં આવશે, જેના કારણે શહેરની વરસાદી પાણી નિકાલની વ્યવસ્થા મજબૂત બનશે.

હેરિટેજ પરિસર અને ફસાડ ડેવલપમેન્ટ: પ્રેરણા સ્કૂલ પરિસર, કીર્તિ તોરણ પરિસર, પથ્થરની હવેલી અને શર્મિષ્ઠા તળાવ આસપાસના વિસ્તારોમાં પરંપરાગત સ્થાપત્યને જાળવી ફસાડ અને હેરિટેજ પરિસર વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે, જેના કારણે ઐતિહાસિક વિસ્તારોનું સૌંદર્ય વધશે.

હેરિટેજ રોડ અને જંકશન વિકાસ (ફેઝ-૨): શહેરના મુખ્ય માર્ગો અને જંકશનોનું હેરિટેજ થીમ આધારિત વિકાસ કરવામાં આવશે, જેથી ટ્રાફિક વ્યવસ્થા સુધરશે અને પ્રવાસીઓને સરળ અને આકર્ષક અનુભવ મળશે.

અંડરગ્રાઉન્ડ ઈલેક્ટ્રિફિકેશન અને સોલરાઈઝેશન: શહેરમાં ઓવરહેડ વીજ લાઈનોને અંડરગ્રાઉન્ડ નેટવર્કમાં રૂપાંતરિત કરવામાં આવી રહ્યું છે. સાથે સાથે ઘરો અને સરકારી ઈમારતો પર સોલાર પેનલ ઈન્સ્ટોલેશન દ્વારા વડનગરને ઊર્જાની દ્રષ્ટિએ વધુ ટકાઉ બનાવવાની દિશામાં કામ ચાલી રહ્યું છે.

આયોજનબદ્ધ પુનર્વસન અને સ્લમ રિડેવલપમેન્ટ: આયોજનબદ્ધ પુનર્વસનની કામગીરી અને સ્લમ રિડેવલપમેન્ટ આયોજન દ્વારા શહેરી જીવનમાં સુધારો લાવવામાં આવશે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટ: સોનાનો વાયદો ઘટીને રૂ.૧.૫૧ લાખ અને ચાંદીનો વાયદો ઘટીને રૂ.૨.૨૯ લાખના સ્તર સુધી ગબડ્યો

## ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨નો મામૂલી સુધારો: કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૬૪૬.૧૨ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૨૮૫૫૩.૪૮ કરોડનું ટર્નઓવર: સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૬૧૮.૯૪ કરોડનાં કામકાજ: બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૭૩૮૮ પોઈન્ટના સ્તરે

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૨૫૬૨૦૦.૪૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૭૬૪૬.૧૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૨૮૫૫૩.૪૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૭૩૮૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૨૬૮૮.૩૭ કરોડનું થયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૬૧૮.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં.


એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૩૫૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૩૯૫૯ અને નીચામાં રૂ.૧૫૧૨૪૪ના મથાળે અથડાઈ, રૂ.૧૫૪૭૬૦ના આગલા બંધ સામે રૂ.૧૮૦૨ ઘટી રૂ.૧૫૨૯૫૮ થયો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૩૮ ઘટી રૂ.૧૨૪૮૪૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૯૭ ઘટી રૂ.૧૫૬૩૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૫૩ ઘટી રૂ.૧૫૧૦૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૪૫૨૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૪૭૨૪ અને નીચામાં રૂ.૧૫૨૦૦૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૫૫૨૨૦ના આગલા બંધ સામે રૂ.૨૦૮૨ ઘટી રૂ.૧૫૩૧૩૮ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૫૨૦૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૭૭૨૦ અને નીચામાં રૂ.૨૨૯૩૫૨ના મથાળે અથડાઈ, રૂ.૨૩૯૮૯૧ના આગલા બંધ સામે રૂ.૭૪૫૩ ઘટી રૂ.૨૩૨૪૩૮ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૭૩૯૭ ઘટી રૂ.૨૩૫૮૩૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૭૩૨૮ ઘટી રૂ.૨૩૫૯૨૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૪૭૩૧.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ફેબ્રુઆરી વાયદો રૂ.૩૧.૦૫ ઘટી રૂ.૧૧૬૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. જસત ફેબ્રુઆરી વાયદો રૂ.૧.૭ ઘટી રૂ.૩૧૯.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ફેબ્રુઆરી વાયદો ૯૫ પૈસા ઘટી રૂ.૩૦૬.૭૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ફેબ્રુઆરી વાયદો ૫૦ પૈસા ઘટી રૂ.૧૮૭.૪૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૨૨૩૩.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ફેબ્રુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૩૪૪૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૩૪૯૫ અને નીચામાં રૂ.૩૪૦૩ના મથાળે અથડાઈ, રૂ.૪૧ વધી રૂ.૩૪૭૩ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૭૭૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૮૦૮ અને નીચામાં રૂ.૫૭૧૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૭૯૧ના આગલા બંધ સામે રૂ.૨ વધી રૂ.૫૭૯૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૫ વધી રૂ.૫૭૯૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૬.૮ વધી રૂ.૨૮૬.૩ થયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૬.૮ વધી રૂ.૨૮૬.૨ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૯૬૦.૮ના ભાવે ખૂલી, ૪૦ પૈસા વધી રૂ.૯૬૦.૫ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૧૦ ઘટી રૂ.૨૫૬૫૦ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ફેબ્રુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૫૯૭ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૨૫૯૨ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૧૬૫૨.૪૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.




૮૯૬૬.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૪૧૧૨.૭૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૨૭.૬૦ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨.૯૦ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૫૯.૯૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૪.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૮૪૨.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૭૬.૭૮ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૮૭ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૩૨ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૬ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૮૭૩૩ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૬૧૮૭૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૩૩૨૯૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૩૭૭૧૫ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૬૧૩૪૪ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૮૫૪૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૯૭૧૨ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૬૫૩૦૪ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૧૪૯૭ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૯૯૮૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૨૧૭૩૯ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૩૬૯૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૭૫૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૬૯૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૫૭૫ પોઈન્ટ ઘટી ૩૭૩૮૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧ ઘટી રૂ.૫૯.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૮૫ વધી રૂ.૧૫.૮૫ના ભાવે બોલાયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૪૫.૫ ઘટી રૂ.૧૦૨૨.૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૮૬૭.૫ ઘટી રૂ.૭૬૨૫ થયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮.૭૯ ઘટી રૂ.૧૦.૨ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪.૭૧ ઘટી રૂ.૩.૬૫ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૮૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૨.૬૫ ઘટી રૂ.૬૦.૬ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૩.૯ વધી રૂ.૧૧.૬ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૩૬૮.૫ ઘટી રૂ.૭૮૮.૫ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૪૨૪૯ ઘટી રૂ.૩૯૩૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૧.૯ ઘટી રૂ.૧૬.૮ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૯.૧૫ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૦.૫ વધી રૂ.૧૯૮૦ થયો હતો. આ સામે ચાંદી ફેબ્રુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૭૯.૫ વધી રૂ.૧૮૯૭.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ફેબ્રુઆરી રૂ.૧૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૩ વધી રૂ.૪.૮ના ભાવે બોલાયો હતો. જસત ફેબ્રુઆરી રૂ.૩૧૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૦ પૈસા ઘટી રૂ.૦.૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની ફેબ્રુઆરી રૂ.૫૭૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૩.૦૫ ઘટી રૂ.૧૭.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ફેબ્રુઆરી રૂ.૨૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૫૫ ઘટી રૂ.૯.૩ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૩૨.૫ વધી રૂ.૨૭૫૫ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૨૩૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૦૮૭ વધી રૂ.૩૬૩૦.૫ થયો હતો.

# કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત લથડી: હૃદયમાં ૯૦ ટકા બ્લોકેજ: કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

કોંગ્રેસના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાની તબિયત અચાનક લથડતા તેમને તાત્કાલીક હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા. ગઈ કાલે સોમવારે રાત્રે તેઓ પોતાના ઘરે હતા ત્યારે અચાનક છાતીમાં ભારે દબાણ અને અસહ્ય દુ:ખાવો અનુભવાયો હતો. પરીવારજનો દ્વારા તાત્કાલીક તેમને સારવાર માટે હોસ્પીટલ લઈ જવામાં આવ્યા હતા. ૯૦ ટકા જેટલુ ગંભીર બ્લોકેજ હોસ્પીટલમાં કાર્ડીયોલોજીસ્ટ ની



ટીમ દ્વારા તેમની એન્જીયોગ્રાફી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે તેમના હૃદયની મુખ્ય નળીયો પૈકીની એક માં આશરે ૯૦ ટકા જેટલુ ગંભીર બ્લોકેજ હોવાનુ જાણવા મળ્યુ હતું. આ રીપોર્ટ બહાર આવતા ડોકટરોએ પરીસ્થિતિને ગંભીર ગણાવી જરૂરી સારવાર શરૂ કરી હતી. કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ છે. હાલમાં તેમની તબિયત સ્થિર હોવાનુ ડોકટરો દ્વારા કહેવામાં આવ્યુ છે. આગામી દિવસોમાં બ્લોકેજ દુર કરવા માટે સ્ટેન્ડ મુકવુ કે અન્ય કોઈ સારવાર અપનાવવી તે અંગેનો અંતિમ નિર્ણય લેવામાં આવશે. તબીબી ટીમ સતત તેમની સ્થિતિ પર નજર રાખી રહી છે. ઈમરાન ખેડાવાલાની તબિયત અંગેના સમાચાર મળતા જ તેમના મતવિસ્તારના લોકો તેમજ કોંગ્રેસના કાર્યકરોમાં ચિંતા ફેલાઈ ગઈ છે. કોંગ્રેસના આગેવાનો પણ હોસ્પીટલ ખાતે દોડી આવ્યા હતા અને તેમની ખબરઅંતર પુછવા માટે ટોળેટોળા હોસ્પીટલે ઉમટી પડયા હતા અને પરીવારજનોને ધીરજ આપી હતી. હાલમાં તેમની સ્થિતિ નિયંત્રણમાં હોવાનુ જણાવાઈ રહ્યુ છે અને તેઓ સારવાર હેઠળ છે. તેમના સમર્થકો અને કાર્યકરો તેમની વહેલીતકે તંદુરસ્તી માટે મસ્જીદોમાં દુવાઓ શરૂ કરી છે.

# બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકામાં ૧૦૭ લીઝ પૈકી ૭૬ કાર્યરત : મંત્રી ઋષીકેશ પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના ભેમાલ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આવેલી કવોરી (બ્લેક ટ્રેપ) સંદર્ભે પુછાયેલા પ્રશ્નના જવાબમાં મંત્રી ઋષીકેશ પટેલે જણાવ્યુ હતુ કે આ વિસ્તારોમાં એક પણ કવોરી (બ્લેક ટ્રેપ) ઓ આવેલી નથી. તેમણે વધુમાં સ્પષ્ટતા કરતા જણાવ્યુ હતુ કે ભેમાલ અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં બિલ્ડીંગ સ્ટોન ખનીજની લીઝો છે. કવોરી (બ્લેક ટ્રેપ) ખનીજોની લીઝો નથી,



આ ગ્રામ્ય વિસ્તારોમાં ખનીજવાર આવેલી કુલ ૧૦૭ લીઝો પૈકી ૭૬ કાર્યરત અને ૩૧ લીઝ એટીઆર બંધ કરાઈ છે. દાંતા તાલુકામાં ગ્રેનાઈટની ૨ અને બિલ્ડીંગ સ્ટોનની ૭૪ આમ કુલ ૭૬ લીઝ કાર્યરત હોવાનુ પણ તેમણે જણાવ્યુ હતું. ગ્રેનાઈટની એક લીઝ માઈનીંગ પ્લાન રજુ કરેલ ન હોવાના કારણે બિલ્ડીંગ સ્ટોનની ૫ લીઝ બાકી લેણા ભરપાઈ કરેલ ન હોવાના કારણે બંધ કરી દેવામાં આવી છે. બિલ્ડીંગ સ્ટોનની ૨ લીઝ જેમાં બાલારામ / અંબાજી વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરીના ૧ કિ.મી. ની અંદર આવેલી, ૧૬ જેમાં સ્ટેટ લેવલનુ ઈસી રજુ કરેલુ નથી. ૬ માં ઈસી રજુ કરેલુ ન હોય, ૧ માં ઈસી રીજેકટ થયેલુ હોવાના કારણે આમ કુલ ૩૧ લીઝ બંધ કરેલ હોવાનુ મંત્રીએ જણાવ્યુ હતું.

મંત્રીએ કવોરી (બ્લેક ટ્રેપ પથ્થર ) અને બિલ્ડીંગ સ્ટોન વચ્ચેનો તફાવત પણ વિગતે સમજાવતા કહ્યુ હતુ કે બ્લેક ટ્રેપ પથ્થર જે પૃથ્વીના પેટાળમાં રહેલા લાવા , જવાળામુખી સ્વરૂપે પૃથ્વીપર આવી આ લાવા (મેગ્મા) કુદરતી વાતાવરણમાં ઠરવાથી બનેલા પથ્થરને ડેકકન ટ્રેપ / બેસાલ્ટ કહેવાય છે જેને બ્લેક ટ્રેપ તરીકે ઓળખાય છે. આ પથ્થર ઘેરાકાળા અથવા રાખોડી રંગનો હોય છે. અને તેનુ બંધારણ ખુબ જ સખત અને ઘટ્ટ હોય છે, તે ઉચ્ચ દબાણ સહન કરવાની ક્ષમતા ધરાવે છે. બ્લેક ટ્રેપનો ઉપયોગ સીધો પથ્થર તરીકે ઓછો પણ તેને તોડીને બનાવેલી કપચી તરીકે વધુ થાય છે.

# અમરેલીમાં સિંહથી બચવા બળદો ગાડા સાથે કૂવામાં કૂદ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી

ગીરના સરહદી ગામોમાં વન્ય પ્રાણીઓ અને મનુષ્યો વચ્ચેના સંઘર્ષની ઘટનાઓ દિન-પ્રતિદિન વધી રહી છે. અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ઉમરિયા ગામમાં ગઈકાલે સાંજે સિંહના ભયથી બચવા માટે બે બળદો ગાડા સાથે કૂવામાં ખાબક્યા હોવાની ચોંકાવનારી ઘટના બની છે. આ દુર્ઘટનામાં પાંચ કલાકના રેસ્ક્યૂ બાદ એક બળદને બચાવી લેવાયો છે, જ્યારે બીજાનું મોત નિપજ્યું છે.

ઉમરિયા ગામના ખેડૂત વાસુરભાઈ કામળિયા સાંજના સમયે વાડીએથી બળદગાડું જોડીને ઘર તરફ પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક રસ્તામાં સિંહનો ભેટો થઈ ગયો હતો. સિંહે બળદોનો શિકાર કરવા માટે તરાપ મારતા જ બળદો ભયભીત થઈ ગયા હતા. જીવ બચાવવા માટે બળદોએ દોડ મૂકી હતી અને કાબૂ ગુમાવતા ગાડા સહિત બાજુમાં આવેલા એક ઊંડા કૂવામાં ખાબક્યા હતા. ખેડૂત વાસુરભાઈએ સમયસૂચકતા વાપરી ગાડામાંથી કૂદી પડતા તેમનો આબાદ બચાવ થયો હતો. બે બળદ કૂવામાં પડ્યાની જાણ થતા જ ગ્રામજનો અને ખેડૂતોના ટોળા ઉમટી પડ્યા હતા. કૂવો અત્યંત ઊંડો હોવાથી સ્થાનિક પ્રયાસો નિષ્ફળ રહેતા તાત્કાલિક ફાયર વિભાગ અને ક્રેનની મદદ લેવામાં આવી હતી. ફાયર વિભાગની ટીમે ૫ કલાક સુધી સતત જહેમત ઉઠાવી હતી. ક્રેન દ્વારા સાવચેતીપૂર્વક એક બળદને જીવિત બહાર કાઢવામાં સફળતા મળી હતી. કૂવામાં પટકાવવાથી ગંભીર ઈજા અને પાણીના કારણે બીજા બળદનું મોત નિપજ્યું હતું. અંતે બળદગાડાને પણ ક્રેન વડે બહાર કાઢવામાં આવ્યું હતું. સિંહના હુમલાને કારણે ખેડૂતે પોતાના કિંમતી પશુધન ગુમાવતા ગામમાં શોકનું મોજું ફરી વળ્યું છે. વન્ય પ્રાણીઓની અવારનવાર થતી અવરજવરને કારણે ખેતી કરવી જોખમી બની હોવાથી ગ્રામજનોએ વાડી વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવાની અને યોગ્ય વળતર આપવાની માગ કરી છે.

### ખોટા ખેડૂત બનાવનાર અધિકારી સામે કાર્યવાહી થવી જોઈએ: ગોપાલ ઈટાલિયા

# સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત અધિનિયમ સુધારા બિલ સામે ગોપાલ ઈટાલિયાએ આપ્યા મહત્વના સૂચનો, સરકારે સૂચનો નકાર્યા

અમદાવાદ/જુનાગઢ/ભાવનગર

વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ વિધાનસભા ખાતે આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, વિધાનસભા સત્રના બીજા દિવસે સૌરાષ્ટ્ર ઘરખેડ ગણોત અધિનિયમમાં સુધારો કરતું બિલ લાવવામાં આવ્યું. આ બિલ ગૃહમાં પસાર થયું અને આ બિલ ખૂબ જ મહત્વનું હતું. મારા વિસાવદર વિસ્તારમાં ૯૦% લોકો ખેતી સાથે જોડાયેલા છે અને ખેતી કરતા લોકો સાથે અન્યાય ન થાય એ માટે આ બિલમાં મેં એક સુધારો સૂચવ્યો હતો. પહેલા કાયદા વિશે કહું તો આ કાયદો કહે છે કે ૧૯૪૮થી નક્કી થયું છે કે બિન ખેડૂત વ્યક્તિ ખેતીની જમીન ખરીદી શકતો નથી. પણ ગુજરાતમાં કેટલાક લોકોએ પોતાની બે નંબરની કાળી કમાણીને છૂપાવવા માટે ખેડૂત ન હોવા છતાં પણ ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનીને ખેતીની જમીનો ખરીદી છે અને આ રીતે કાળા પૈસાથી ખેતીની જમીનો ખરીદવાના કારણે ખેતીનો સટ્ટો ચાલુ થયો.

ખેતીની જમીનમાંથી ખેડૂતોનો હક નીકળી જાય એ પ્રકારની કામગીરી આખા ગુજરાતમાં થઈ રહી છે. સરકારે આ બિલમાં એવું જાહેર કર્યું કે જે પણ બિનખેડૂત વ્યક્તિ ખોટી રીતે જમીન ખરીદશે તો તેની પાસે જંત્રીના ત્રણ ગણા રૂપિયા દંડ રૂપે વસૂલવામાં આવશે. તો મેં આ બિલમાં કેટલાક સુધારા જણાવ્યા. જો કોઈ વ્યક્તિ ખોટી રીતે ખેતીની જમીન ખરીદે છે તો દંડની સાથે સાથે ખોટા ખેડૂતને અસલી ખેડૂત બનાવનાર અધિકારી વિરુદ્ધ પણ કાર્યવાહી થવી જોઈએ અને સજા થવી જોઈએ. દુઃખની બાબતે એ છે કે સરકારે મારો સુધારો માન્ય રાખ્યો નહીં. કોઈપણ બિન ખેડૂત માણસ ત્યારે જ ખેડૂત ખાતેદાર બની શકે જ્યારે એક સરકારી કર્મચારીની સહી થાય તો આ કામ કરવા માટે સરકારી માણસને સજા કેમ ન થાય?

વધુમાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, મેં બીજો સુધારો જણાવ્યો કે તમે દંડ તો લઈ લેશો પરંતુ એ વ્યક્તિ જે ખેડૂત નથી એને ભવિષ્યમાં પણ ક્યારેય પણ ખેડૂત ખાતેદાર ન બનાવવામાં આવે એવો નિયમ બનાવવામાં આવે, તો આ રીતે મેં વિરોધ પક્ષના નેતા તરીકે મારો વિરોધ નોંધાવ્યો અને સુધારા જણાવ્યા. પરંતુ દુઃખ સાથે જણાવવું પડે છે કે ગુજરાતમાં ખેડૂત વિરોધી માનસિકતા ધરાવનાર બહુમતી ધરાવતી સરકારે ખેડૂતોને નુકસાન થાય, ખેત મજૂરો અને ગણોતિયાને નુકસાન થાય તેવું બિલ બહુમતીના જોરે વિધાનસભામાં પાસ કર્યું છે. તેના કારણે આવનારા સમયમાં કદાચ ગણોતિયાઓ અને ખેતી મજૂરી કરનારા અને ખેતીની જમીન ધારણ કરનારા લોકોને ખૂબ મોટી તકલીફ પડી શકે તેમ છે. સત્ર ચાલુ છે તો અમે આશા રાખીએ છીએ કે સરકારના મનમાં ખેડૂતો પ્રત્યે કોઈ ભાવ જાગે તો બીજી વખત આવો એક સુધારા વિધેયક એક લઈ આવે અને આ ખોટા કામોની સજા કરતું એક વિધેયક લઈને આવે.

# આજે ગુજરાત સરકારનુ બજેટ ફુલગુલાબી બજેટ આવે તેવા સંકેત: સ્થાનિક સ્વરાજયની ચુંટણી અને કોમનવેલ્થ ગેમ રહેશે કેન્દ્રમાં

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં આજે તારીખ ૧૮ ફેબ્રુઆરીએ નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ રાજયનુ વર્ષ ૨૦૨૬-૨૭નુ અંદાજપત્ર રજુ કરશે. રસપ્રદ વાત એ છે કે અત્યાર સુધીમાં સૌથી વધુ ૧૮ વખત બજેટ રજુ કરવાનો રેકોર્ડ પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળાના નામે છે. આગામી દિવસોમાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચુંટણી પહેલા રજુ થનાર બજેટમાં અર્બન ડેવલપમેન્ટ પર ફોકસ કરવામાં આવશે. તો આગામી ૨૦૩૦ માં યોજાનાર કોમનવેલ્થ ગેમ્સ પર વિશેષ ભાર મુકવામાં આવે તેવી શકયતા છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીનુ વર્ષ હોવાથી બજેટ ફુલગુલાબી રહે તેવા સંકેત છે.

પૂર્વ નાણાંમંત્રી વજુભાઈવાળાએ સૌથી વધુ ૧૮ વખત ગુજરાતનુ બજેટ રજુ કરેલુ છે. તો પૂર્વ નાણાંમંત્રી નિતીનભાઈ પટેલે બીજા ક્રમે રહી ૯ વખત બજેટ રજુ કરેલુ છે. જયારે નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ પાંચમી વખત બજેટ રજુ કરશે. નાણાંમંત્રીના ભાષણમાં સરકારની આર્થિક નીતિ , ટુંકા ગાળાના અને લાંબા ગાળાના લક્ષ્યો નાગરીકોને સમજાવવામાં આવે છે. છેલ્લા ૨૫ વરસમાં ગુજરાત સરકારે રાજયની જરૂરીયાતોને ધ્યાનમાં રાખીને બજેટ રજુ કર્યા છે અને બજેટનુ કદ સતત વધતુ રહયુ છે. બજેટમાં સામાન્ય નાગરીકો , ઉદ્યોગો અને ખેડુતો માટે



વિવિધ જોગવાઈઓ કરવામાં આવી છે. હાલમાં રજુ થનાર બજેટમાં મધ્યમવર્ગ માટે રોજીંદા જીવન સરળ બનાવતી યોજનાઓ અને ઘર ઘર સુધી સરકારી લાભ પહોચાડવાના ઉપાયો પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે. નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ ચાલુ વરસે ગુજરાતનુ અત્યાર સુધીનુ સૌથી મોટુ બજેટ રજુ કરી શકે છે. ગત વર્ષના બજેટની સરખામણીએ આ વરસે ૧૫ ટકાનો વધારો જોવા મળી શકે છે.

# વિસનગરના ૩ યુવાનો સાથે વર્ક પરમીટ વિઝા-PRના બહાને ૨૬.૮૧ લાખની ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

વિસનગરની ઈંગ્લીશ એકેડેમીના ત્રણ વિદ્યાર્થીઓને કેનેડાના વર્ક પરમીટ વિઝા અને પીઆર અપાવવાના બહાને રૂ.૨૬.૮૧ લાખ મેળવી લઈ છેતરપિંડી કરનારા થાણેના ત્રણ જણા સામે એકેડેમીના માલિકે ફરિયાદ નોંધાવી છે.

વિસનગરના હેમાંગ મહેશભાઈ કંસારા શહેરના સ્પાન ચંદન મોલ કોમ્પ્લેક્સમાં આલાપ ઈંગ્લીશ એકેડેમીમાં IELTSનું કોચિંગ આપે છે. તેઓ વિદ્યાર્થીઓનાં રિઝલ્ટ સોશિયલ મિડીયા પર મુકતા હોઈ વિઝા કન્સલ્ટન્ટ તેમનો સંપર્ક કરતા હોય છે. એ મુજબ ત્રણેક વર્ષ પહેલાં આરકેન ઓવરસીઝ નામની કંપનીનાં નીશા પાલ (રહે. ભાયન્દર થાણે)એ ફોન પર તેમનો સંપર્ક કર્યો હતો અને તેમની કંપની કેનેડા વર્ક વિઝા વિથ જોબ ઓફર અને સાથે પીઆર માટેના ૧૦૦ ટકા વિઝા અપાવતી હોવાની વાત કરી હતી, કંપનીનાં સોનાલી ગુરૂમખુ ખાન ચંદાણીએ પણ વિડીયો કોલથી વાત કરી હતી. હેમાંગભાઈએ તેમના વિદ્યાર્થીઓને વાત કરતાં ત્રણ વિદ્યાર્થીઓ તૈયાર થયા હતા.જેમાં વિદ્યાર્થિની આરતી રાજેશકુમાર શર્મા વર્ક વિઝા માટે તૈયાર થતાં તેના માટે રૂ.૮.૭૫ લાખ ભરવાની વાત થઈ હતી. રૂ.૧.૫૦ લાખ રજિસ્ટ્રેશન ફી પેટે નીશા પાલના કહેવાથી આરકેન ઓવરસીઝ કંપનીના ખાતામાં ભરાવ્યા હતા. લોગીંગ ક્રેડિટ સેલ, એપ્રુવલ લેટર, ઓફર લેટર, વિઝા સબમીશનવગેરે પેટે કુલ રૂ.૭,૬૫,૫૦૦ ભર્યા હતા. તે જ રીતે વિદ્યાર્થી સુનિલ રાજપૂતની કેનેડા ફાઈલ માટે વિવિધ તબક્કે કુલ રૂ.૬,૧૫,૫૦૦ ભર્યા હતા. જેમાં આરતી શર્માના વિઝીટર વિઝાનું પણ રીઝેક્શન આવ્યું હતુ અને સુનિલ રાજપૂતના વર્ક પરમીટ બદલે વિઝીટર વિઝા આવ્યા હતા. જે અંગે વાત કરતાં નીશા પાલે સુનિલ કેનેડા ઉતરે એટલે વર્ક પરમીટમાં કન્વર્ટ કરી આપીશું તેવી વાત કરી હતી. પરંતુ વિઝા ટ્રાન્સફર થતા ન હોઈ અને જરૂરી ડોક્યુમેન્ટ ન આપતાં સુનિલ જઈ શક્યો નહોતો.

# વડોદરાની બ્રાઈટ સ્કુલના જ વિદ્યાર્થીએ પોતાની જ શાળાને બોમ્બ થી ઉડાવી દેવા કર્યો હતો ઈમેઈલ

પ્રતિનિધિ,ગાંધીનગર

આજે ફરી ગુજરાતના વિવિધ શહેરોમાં બોમ્બ ધડાકા કરવાની ધમકી ઈમેઈલ દ્વારા મળી હતી. ઈમેઈલ દ્વારા મળેલી આ ધમકીને પગલે પોલીસે ગંભીરતા થી લીધી છે. જેની તપાસ કરતા વડોદરામાં કંઈક નવો જ વળાંક આવ્યો છે.




વડોદરાની એક શાળામાં ભણતા વિદ્યાર્થીએ પ્રેંક કરવા માટે પોતાની જ શાળાને બોમ્બ ની ધમકી આપતો ઈમેઈલ કર્યો હતો. વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમારે ગરવી ગુજરાત સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગુજરાતમાં અત્યાર સુધી બોમ્બ વિસ્ફોટ ની ધમકીભર્યા ઈમેઈલ વિદેશના આઈપી એડ્રેસ પરથી મોકલવામાં આવી રહયા છે. પરંતુ પોલીસે બોમ્બ વિસ્ફોટની ધમકીને લઈને કરેલ ગંભીરતા પૂર્વકની તપાસમાં ચોંકાવનારો ખુલાસો બહાર આવ્યો છે.

વડોદરાના કારેલીબાગની બ્રાઈટ સ્કુલને ધમકીભર્યા ઈમેઈલ મળ્યાનો મામલે પોલીસને સફળતા પણ સાંપડી છે. વડોદરા પોલીસે બોમ્બ વિસ્ફોટ અંગેના ધમકીભર્યા ઈમેઈલની તપાસ કરતા જાણવા મળ્યુ હતુ કે વડોદરા શહેરના જ એક સગીરે આ ઈમેઈલ કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. બ્રાઈટ સ્કુલમાં અભ્યાસ કરતા એક સગીરે કર્યો હતો ધમકીભર્યો ઈમેઈલ, શાળાના જ વિદ્યાર્થી એવા સગીરે પ્રેંક કરવા મેઈલ કર્યો હોવાનુ બહાર આવ્યુ છે. સમગ્ર મામલે મેઈલ મોકલનાર સગીર અને તેના માતા પિતાને પોલીસે બોલાવ્યા હતા.

વડોદરા શહેર પોલીસ કમિશ્નર નરસિંમ્હા કોમારે જણાવ્યુ હતુ કે અત્યાર સુધી કોઈપણ સ્થળે થી વાંધાજનક ચીજ વસ્તુ મળી આવી નથી. બોર્ડ ની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓએ ચિંતા કરવાની જરૂર નથી. નાગરીકોની સુરક્ષા માટે શહેર પોલીસ સજજ છે.

# વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો પોસ્ટરો સાથે આવ્યા: અધ્યક્ષે કહ્યું વિધાનસભાના નિયમો વાંચીને આવો : ટકોર કરીન બેસાડી દીધા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના સત્રના બીજા દિવસે ગૃહમાં ગરમા ગરમીનો માહોલ જોવા મળ્યો હતો. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો જેમાં ચૈતર વસાવા અને ગોપાલ ઈટાલીયા સામેલ હતા. પોસ્ટર સાથે ગૃહમાં હાજર રહ્યા હતા, તેઓ ગૃહની કાર્યવાહીના લાઈવ પ્રસારણની માંગ કરી રહયા હતા. વિધાનસભાના નિયમો વાંચીને આવો તેવુ અધ્યક્ષે કહ્યુ હતું.

આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા પોસ્ટર બતાવી માંગ કરવામાં આવી હતી કે ગૃહમાં થોડીવાર માટે હોબાળો સર્જાયો હતો. પરીસ્થિતિને ધ્યાનમાં રાખીને અધ્યક્ષે કડક વલણ અપનાવ્યુ હતું અને આમ આદમી પાર્ટીના ધારાસભ્યોને ગૃહની શિસ્તતા જાળવવાની હાંકલ કરી હતી. વિધાનસભાના નિયમો વાંચીને આવો એવી ટકોર પણ અધ્યક્ષ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યક્ષની સુચના મુજબ આમ આદમી પાર્ટીના ધારાસભ્યો પોતાની બેઠકે બેસી ગયા હતા. ગુજરાતનો દરીયાકિનારો વધ્યો, આ દરમિયાન ભાજપના ધારાસભ્ય ભગા બારડે એક મહત્વપૂર્ણ માહિતી આપી હતી. નવા સર્વે મુજબ ગુજરાતનો દરીયા કિનારો ૭૨૦ કિ.મી. જેટલો વધ્યો હોવાનુ જણાવ્યુ હતું. પરીણામે હવે રાજયના દરીયાકાંઠાની કુલ લંબાઈ ૨૩૨૦ કિ.મી. નોંધાઈ છે. આ આંકડાને લઈને ગૃહમાં ચર્ચા પણ થઈ હતી. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા લાઈવ પ્રસારણની માંગ વિધાનસભામાં કરવામાં આવી હતી. આ સમગ્ર ઘટનાએ રાજકીય તાપમાન વધારી દીધુ હતું. એક તરફ આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા લાઈવ પ્રસારણની માંગ પર અડગ રહયા હતા. તો બીજી તરફ અધ્યક્ષે ગૃહની પરંપરા અને નિયમોનુ પાલન કરવાનુ મહત્વ સમજાવ્યુ , આખરે ગૃહની કામગીરી નિયમિત રીતે આગળ વધારવામાં આવી હતી.

# ગુજરાત વિધાનસભા સત્રના બીજા દિવસે ચૈતર વસાવાના ધારદાર સવાલઃ એસઓયુના ગ્રીન કોરીડોર મુદ્દે આપી માહિતીઃ આદિવાસી વિસ્તારમાં કુપોષણથી પીડાતા બાળકો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે મંગળવારે ગાંધીનગરમાં બજેટસત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા, ડેડીયાપાડા ના ધારાસભ્ય ચૈતર વસાવા , જામ જોધપુરના ધારાસભ્ય હેમંત ખવા અને ગારીયાધારના ધારાસભ્ય સુધીર વાઘાણી વિધાનસભામાં ઉપસ્થિત રહી વિવિધ મુદ્દે સરકારને ઘેરવા પ્રયાસ કર્યા હતા. પોતાના મતવિસ્તારના પ્રશ્નોની રજુઆત કરવા બાબતે મીડીયા સાથે વાતચીત કરી હતી.




જેમાં તેમણે આદિવાસી વિસ્તારમાં કુપોષણથી પીડાતા બાળકો મામલે સવાલો કર્યા હતા. સાથે જ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાપુતારા સાથે જોડતા ગ્રીનકોરીડોર પ્રોજેકટ મુદ્દે પણ વાતચીત કરી હતી. ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યુ હતુ કે સુરપાણેશ્વર અભિયારણ્ય વિસ્તારને સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સાપુતારા સાથે જોડતા ગ્રીન કોરીડોર પ્રોજેકટ અંગે ૨૧ ગામોની ગ્રામ સભાઓએ ૪ વખત સર્વાનુમતે અસંમતીના ઠરાવો પસાર કર્યા છે. તેમ છતાં આદિવાસી ખેડુતોની જમીન યોગ્ય વળતર વિના સંપાદીત કરવાની પ્રક્રિયા ચાલતી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે સ્પષ્ટ જણાવ્યુ હતુ કે વિકાસના નામે એક ઈંચ પણ જમીન આપવામાં આવશે નહી, ચૈતર વસાવાએ વધુમાં પ્રશ્ન નં. ૫૫ અંગે જણાવ્યુ હતુ કે નર્મદા થી પાણી પુરવઠા માટે ઝરવાણી યોજના છેલ્લા ૩ વરસથી ચાલી રહી છે. ૫૪ ગામોને પાણી આપવાનો દાવો કરીને કરોડો રૂપીયાના બીલ ચુકવવામાં આવ્યા છે. છતાં એકપણ ગામને પાણી મળ્યુ નથી. હાલમાં પણ તાત્કાલીક પાણી મળશે એવી વાત કરવામાં આવી રહી છે. પરંતુ આ ભ્રષ્ટાચારનુ ઉદાહરણ છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે અનેક પાણી પુરવઠા યોજનાઓ કાગળ પર પૂર્ણ બતાવવામાં આવે છે. પરંતુ જમીન પર લોકોને તેનો લાભ મળતો નથી. સરકાર દ્વારા આ તમામ મુદ્દાઓ પર સ્પષ્ટતા અને જવાબદારી નકકી કરવાની માંગ કરવામાં આવી હતી.

આજે વિધાનસભામાં તેમના તારાંકીત પ્રશ્ન નં. ૨૩ ના જવાબમાં સરકાર દ્વારા માહિતી આપવામાં આવી હતી કે નર્મદા જિલ્લામાં ૧૧૨૫૩ અને દાહોદ જિલ્લામાં ૧૯૫૯૪ બાળકો કુપોષણથી પીડાઈ રહ્યા છે. તેમણે જણાવ્યુ હતુ કે એક તરફ ગુજરાત મોડલ અને વિકાસની વાતો થાય છે, જયારે બીજી તરફ આદિવાસી વિસ્તારોમાં હજારો બાળકો કુપોષણનો ભોગ બની રહયા છે. તેમણે આક્ષેપ કર્યો હતો કે મોટા સરકારી કાર્યક્રમોમાં નાસ્તા, મંડપ, સ્ટેજ અને ભીડ એકઠી કરવા માટે કરોડો રૂપીયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ આંગણવાડીઓના બીલ, ગરમ નાસ્તા અને ફળોની ચુકવણી માટે ગ્રાન્ટ નથી એવી દલીલ કરવામાં આવે છે. તેમના જણાવ્યા મુજબ છેલ્લા ૩૦ વરસમાં કુપોષણ દુર કરવા માટે કોઈ સચોટ આયોજન કે અસરકારક કાર્યક્રમ અમલમાં મુકાયો નથી. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે બાળકો માટે આવતી ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થતો નથી.

# ગુજરાતમાં સરકારે નોકરીના કલાકો ૯ થી વધારી ૧૦ કર્યાઃ મહિલાઓને નાઈટ શીફટ કરવાની છુટઃ ઓવર ટાઈમના કલાકોમાં પણ વધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

વિધાનસભા ગૃહમાં શ્રમ અને રોજગાર મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા રાજય પત્રમાં અગાઉ પ્રસિધ્ધ થયેલા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો ) અધિનિયમનુ સુધારા વિધેયક આજે મંગળવારે રજુ કરવામાં આવ્યુ હતું. જેને ગૃહના સભ્યો દ્વારા સર્વાનુમતે પસાર કરવામાં આવ્યુ હતું.

ગુજરાત દુકાન અને સંસ્થા (સુધારા) વિધેયક વિશે મંત્રી કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ હતુ કે રાજય સરકાર દ્વારા ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો ) અધિનિયમ ૨૦૧૯ માં કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, સ્ત્રીઓ માટે નોકરીની વધુ તકો ઉભી કરવા, ધંધો કરવા માટે સાનુકુળ વાતાવરણ પુરૂ પાડવા , વર્ષમાં ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને સંસ્થા ખોલવાના અને બંધ કરવાના સમયની સ્વતંત્રતાનો, સ્ત્રીઓને પુરતી સુરક્ષા અને સલામતીની જોગવાઈઓ સાથે રાતપાળી દરમિયાન કામ કરવાની પરવાનગી, ઓનલાઈન રજીસ્ટ્રેશન જેવી વિવિધ જોગવાઈ કરવામાં આવી હતી તેવુ મંત્રીએ કહ્યુ હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સતત માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતે સમગ્ર દેશમાં વિકાસની દિશામાં પોતાનુ આગવુ સ્થાન પ્રાપ્ત કર્યુ છે તેવુ જણાવતા મંત્રી બાવળીયાએ કહ્યુ હતુ કે આજના આધુનિક સમયની માંગ મુજબ ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ અંતર્ગત તેમજ રાજયની બદલાતી જતી સામાજિક અને આર્થિક પરીસ્થિતિઓને અનુરૂપ શ્રમયોગીઓ, વેપારીઓ, માલીકો તથા પ્રજાજનો એમ તમામના હિતોનો તટસ્થ રીતે વિચાર કરીને ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો ) અધિનિયમ ૨૦૧૯ માં સુધારો કરવા અંગેનો વિધેયક લાવવામાં આવ્યો છે. મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આ સુધારાથી કાયદો લાગુ કરવાની જોગવાઈમાં અગાઉ ૧૦ કે તેથી વધારે કામદારોને બદલે હવે ૨૦ કે તેથી વધારે કામદારો ધરાવતી દુકાનો અને સંસ્થાઓને આ કાયદો લાગુ પડશે. આમ જે દુકાનો અને સંસ્થાઓમાં ૨૦ થી ઓછા શ્રમ યોગીઓ / કર્મચારીઓ કામ કરતા હોય તેવી દુકાનો અને સંસ્થાઓએ આ કાયદા હેઠળ નોંધણી કરાવવી જરૂરી નથી. પરંતુ ઓનલાઈન જાણ કરવાની રહેશે. જેના પરીણામે હજારો નાના વેપારીઓ, સ્ટાર્ટઅપ્સને આગળ વધવામાં વેગ મળશે. મંત્રી બાવળીયાએ વધુમાં કહ્યુ હતુ કે



સંસ્થાઓના કામકાજના કલાકોમાં વધારો કરવાથી ગ્રાહક સુવિધામાં વધારો થશે. આમ આર્થિક પ્રવૃત્તિને વેગ મળે અને દેશના આર્થિક વિકાસમાં વધારો કરવાના આશયથી આ સુધારાથી દૈનિક કામના કલાકોની મર્યાદામાં ૯ કલાકથી વધારીને ૧૦ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત સળંગ કામના કલાકોની મર્યાદા પણ ૫ કલાક થી વધારીને ૬ કલાક કરવામાં આવી છે. આ ઉપરાંત ઓવરટાઈમ કરવાની મહત્તમ મર્યાદા ૩ મહિનામાં કુલ ૧૨૫ કલાક હતી જે હવેના સુધારામાં વધારીને કુલ ૧૪૪ કલાક કરવામાં આવી છે. જેનાથી ઉત્પાદકતામા વધારો થશે, ઉત્પાદકતામાં વધારો થવાથી દુકાનદારોના નફામાં વધારો થતા શ્રમયોગીઓની નફામાં સહભાગીતા વધશે અને તેમની આર્થિક સુખાકારીમા વધારો થશે.


મંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આજના આધુનિક સમયમાં દેશના આર્થિક વિકાસમાં મહિલાઓનુ પ્રદાન ઝડપભેર વધી રહયુ છે. મહિલા શ્રમયોગીની સંમતિ હોય અને સંસ્થા દ્વારા મહિલાઓને આરામ માટેના રૂમ , રાત્રી ઘોડીયાઘર, મહિલા માટેના શૌચાલય, તેમના ગૌરવ ,સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતિય સતામણીથી રક્ષણ તેમજ સંસ્થાથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા લઈ જવાની વ્યવસ્થા માલીક દ્વારા પુરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા યોગીઓને રાત્રીના ૯ કલાક થી સવાર ના ૬ કલાક વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે.

આમ કામના સ્થળ પર મહિલાની ગરીમા, સુરક્ષા અને સલામતી જળવાઈ રહે તેની સંપૂર્ણ તકેદારી રાખવાની જોગવાઈ રાજય સરકારે આ કાયદામાં કરી છે.

# ગુજરાત રાજયમાં આજે એસઆઈઆરની કામગીરી બાદ ફાઈનલ મતદાર યાદી જાહેરઃ કુલ ૪.૪૦ કરોડ મતદારો નોંધાયા અને ૩.૯૫ લાખ નામ કમી કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી એસઆઈઆર ને લઈને સતત વિવાદો ચાલી રહ્યા છે. છેલ્લા ૩ મહિનાથી આ એસઆઈઆર ની કામગીરી ચાલી રહી છે જે બાદ આજે ૧૭ મી ફેબ્રુઆરી બુધવારે ફાઈનલ મતદાર યાદી જાહેર કરવામાં આવી હતી. આ સાથે જ મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા મતદાર યાદીમાંથી નામ કાઢવા સંબંધી હકક વાંધા દાવાઓ ૧૯ ડીસેમ્બર ૨૦૨૫ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન રજુ કરવામાં આવ્યા હતા.




ત્યારબાદ તારીખ ૧૦ મી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ચુંટણી અધિકારીઓ દ્વારા વાંધાઓની સત્યતા ચકાસી તેનો નિકાલ પણ કરવામાં આવ્યો હતો. રાજય મુખ્ય ચુંટણી અધિકારી હારીત શુકલાએ મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે ગુજરાત રાજયના તમામ નાગરીકો આ ઝુંબેશમાં અભુતપૂર્વ સહકાર આપવા બદલ આભાર અને અભિનંદનના હક્કદાર છે, મતદાર યાદીની ખાસ સઘન સુધારણાની કામગીરી નિયત સમયમાં પૂર્ણ થાય તે માટે ૩૪ જિલ્લા ચુંટણી અધિકારી , ૧૮૨ મતદાર નોંધણી અધિકારી, ૮૫૫ સહાયક મતદાર નોંધણી અધિકારી, ૫૦૯૬૩ બીએલઓ તથા અનેક સ્વયંસેવકોની સક્રિય સહભાગીતા રહી છે. રાજયના મતદારોનો સક્રિય સહયોગ પ્રાપ્ત થયો છે. મીડીયા, રાજકીય પક્ષો તથા અન્ય સંગઠનોનો પણ સહકાર મળ્યો છે. જેના ફળ સ્વરૂપ નિયત સમય મર્યાદામાં કુલ ૫ કરોડ ૮ લાખ ૪૩ હજાર ૪૩૬ મતદારો પૈકી ૪ કરોડ ૩૪ લાખ, ૭૦ હજાર, ૧૦૯ મતદારો પાસેથી ગણતરી ફોર્મ મળ્યા હતા. આ તમામ ગણતરી ફોર્મનુ સંપૂર્ણ ડીઝીટાઈઝેશન કરવામાં આવ્યુ હતું. દરેક રાજકીય પક્ષને પણ આ મામલે અપીલ કરવામાં આવી છે અને કહ્યુ છે કે દરેક પક્ષ આ બંને યાદીની બારીકાઈથી ચકાસણી કરે અને તારીખ ૧૮ મી ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં જો કોઈ વાંધા-દાવા હોય તો નિયત પ્રક્રિયા અનુસરીને મતદારોને સહાયરૂપ બને, નિયત સમયમાં મળેલા વાંધા-દાવાઓ વિશે ચકાસણી કરીને સંબંધીત ચુંટણી અધિકારી દ્વારા મતદારને નોટીસ મોકલીને તેની રૂબરૂ રજુઆત બાદ જ સ્પષ્ટ હુકમ મારફતે મતદાર યાદીનમાં નામ દાખલ કરવા કે ન કરવા અંગે નિર્ણય જાહેર કરવામાં આવશે.

# જમીન રી-સર્વે મુદ્દે ગુજરાતમાં રાજકીય ધમસાણ : સરકાર શ્વેતપત્ર બહાર પાડેઃ અમિત ચાવડાના આકરા પ્રહાર

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં લાંબા સમયથી ચાલી રહેલા જમીન રી-સર્વે ના વિવાદે ફરી એકવાર વેગ પકડયો છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ ગાંધીનગર ખાતેથી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા આક્ષેપ કર્યો હતો કે સરકાર જમીન માપણીના નામે જનતાને ગેરમાર્ગે દોરી રહી છે અને વાસ્તવિક માહિતી છુપાવવાનો પ્રયાસ કરી રહી છે. એજન્સીઓ પર ફ્રોડના આક્ષેપ અને કચેરીઓમાં પેન્ડીંગ અરજીઓ અંગે અમિત ચાવડાએ જણાવ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧ માં રી - સર્વેની કામગીરી માત્ર વાહવાહી મેળવવા માટે શરૂ કરવામાં આવી હતી. જામનગર અને બનાસકાંઠાને પાયલોટ પ્રોજેકટ તરીકે લેવાયા હતા. પરંતુ જમીન માપણી કરનારી




એજન્સીઓએ ક્ષેત્ર પર જવાને બદલે ઓફીસમાં બેઠા બેઠા જ નકશા તૈયાર કર્યા છે. આ ફ્રોડ કામગીરીને કારણે જમીનના ખોટા નકશા બન્યા છે. જેના લીધે ખેડુત પરીવારોમાં ભાઈ ભાઈ વચ્ચેના ઝઘડા વધ્યા છે. કોંગ્રેસ નેતાએ વધુમાં ઉમેર્યુ હતુ કે સરકારે ૧૦૦ દિવસમાં ભુલો સુધારવાનો વાયદો કર્યો હતો. જે આજે બે વરસ બાદ પણ અધુરો છે. મહિસાગર જિલ્લામાં જ ૮૦ ટકા જેટલી ખેડુતોની અરજીઓ હજુ પણ કચેરીઓમાં ધુળ ખાઈ રહી છે. વધુમાં તેમણે ડીએલઆર અને એસએલઆર કચેરીઓમાં ભ્રષ્ટાચારના કારણે ખેડુતોની જમીનો ભુમાફીયાઓના નામે ચઢી રહી છે અને સરકારી જમીનો ખાનગી વ્યકિતઓના નામે થઈ રહી હોવાના ગંભીર આક્ષેપો પણ કર્યા હતા. કોંગ્રેસે માંગ કરી હતી કે જયારે આ વિભાગ સીધો મુખ્યમંત્રીના હસ્તક હોય ત્યારે સરકારે જમીન રી-સર્વેની ગંભીર ભુલો સ્વીકારીને તેના પર તાત્કાલીક શ્વેતપત્ર બહાર પાડવુ જોઈએ. સામોર અને પીપળ ગામના રી-સર્વેનુ ઉદાહરણ આપતા તેમણે જણાવ્યુ હતુ કે જો બે ગામના સર્વે માં ૨૮ દિવસ લાગતા હોય તો સમગ્ર ગુજરાતની કામગીરી માં મોટી લાપરવાહી થઈ હશે તે વિચારી શકાય છે. ખેડુતોની લાખો પેન્ડીંગ અરજીઓ નો ત્વરીત નિકાલ કરવામાં આવે તેવી માંગ સાથે કોંગ્રેસે સરકારને ઘેરી હતી.

# વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા વિરોધ : વિધાનસભાની કાર્યવાહીનુ પ્રસારણ લાઈવ કરવા કરી ઉગ્ર માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

વિધાનસભા સત્રના બીજા દિવસે આમ આદમી પાર્ટીના ધારાસભ્યો દ્વારા વિધાનસભાની કાર્યવાહીનુ પ્રસારણ લાઈવ કરવા ઉગ્ર માંગ કરવામાં આવી હતી. વિધાનસભા પરીસરમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. વિધાનસભામાં આમ આદમી પાર્ટી ધારાસભ્યોના વિધાનસભા લાઈવ કરો , વિધાનસભા લાઈવ કરો ના નારા ગુંજયા હતા. આમ આદમી પાર્ટીના ધારાસભ્યો ગોપાલ ઈટાલીયા, ચૈતર વસાવા, હેમંત ખવા અને સુધીર વાઘાણીએ સુત્રોચ્ચાર કર્યા હતા. આ મામલે




ગોપાલ ઈટાલીયાએ કહ્યુ હતુ કે લાઈવ ન કરવુ એ લોકશાહીની હત્યા છે, સુપ્રિમ કોર્ટનુ લાઈવ થાય છે તો ગુજરાત વિધાનસભાનુ કેમ નહી ? સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના કામ પણ લોકો યુ ટયુબમાં જોઈ શકે છે તો વિધાનસભાનુ લાઈવ પ્રસારણ પણ થવુ જોઈએ , દિલ્હી, પંજાબ, મહારાષ્ટ્ર સહિત અનેક રાજયોમાં વિધાનસભાનુ લાઈવ પ્રસારણ થાય છે તો ગુજરાતનુ કેમ નહી ? શા માટે વિધાનસભાનુ લાઈવ બંધ કરવામાં આવ્યું ? વિધાનસભામાં શું છુપાવવામાં આવી રહ્યુ છે ? લોકોને જાણવાનો અધિકાર છે કે વિધાનસભામાં પક્ષ અને વિપક્ષ શું કરી રહયા છે. લાઈવ પ્રસારણ ન કરવુ એ લોકોના જાણવાના અધિકાર પર એક તરાપ છે. વિધાનસભામાં મંત્રીઓ અને મુખ્યમંત્રી કોઈ કામ કરતા નથી, એ વાત લોકો જોઈ ન જાય એટલા માટે વિધાનસભાનુ લાઈવ પ્રસારણ બંધ રાખવામાં આવી છે. આમ આદમી પાર્ટીની સ્પષ્ટ માંગ છે કે વિધાનસભાનુ લાઈવ કરવામાં આવે, સાથે જ ચૈતર વસાવા એ કહ્યુ કે આ તાનાશાહી સરકારમાં લોકશાહી બચાવો એ અમારી સ્પષ્ટ માંગ છે.

# AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાના સવાલ સામે સરકારે વિધાનસભામાં આપ્યો ખોટો જવાબ

અમદાવાદ/જુનાગઢ/વિસાવદર

આમ આદમી પાર્ટીના વિસાવદર વિધાનસભાના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ ધ્રાફડ નદી પર સરસઈ ગામે બની રહેલા મેજર બ્રિજ મામલે સરકાર પર ગંભીર આક્ષેપો કર્યા છે. વિધાનસભામાં પૂછાયેલા તેમના સવાલના જવાબમાં સરકારે ડિઝાઈન રિવાઈઝ થવાને કારણે કોઈ નુકસાન ન થયું હોવાનો દાવો કર્યો હતો. પરંતુ AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાના અનુસાર આ જવાબ તથ્યવિહિન અને ભ્રામક છે.

AAP ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ જણાવ્યું કે જૂનાગઢના પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા આપવામાં આવેલા આંકડા અનુસાર બ્રિજ માટે અગાઉ રૂ. ૫.૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા, ત્યારબાદ સુધારેલા અંદાજ મુજબ રૂ. ૭.૨૩ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. એટલે કે કુલ ખર્ચમાં રૂ. ૧.૭૩ કરોડનો વધારો થયો છે. તેમ છતાં સરકારે વિધાનસભામાં કોઈ નુકસાન ન થયું હોવાનો જવાબ આપ્યો છે, જે સ્પષ્ટ રીતે હકીકતોને છુપાવવાનો પ્રયાસ છે. ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ આક્ષેપ કર્યો કે કોન્ટ્રાકટર અને તંત્રની મિલીભગતને કારણે કામ વર્ષોથી અધૂરું છે અને જનતાને પાંચ વર્ષ બાદ પણ બ્રિજની સુવિધા મળી નથી. વિકાસના નામે કરોડો રૂપિયાનું વધારાનું ભારણ જનતા પર મૂકવામાં આવી રહ્યું છે. ગોપાલ ઈટાલિયાએ વધુમાં જણાવ્યું હતું કે બ્રિજ તો હજુ મળ્યો નથી અને સરકાર વિધાનસભામાં આ મુદ્દે ખોટા જવાબો આપી રહી છે, એ ખૂબ જ દુઃખની બાબત છે.